વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૪૦ : અંક - ૧૯,૨૦ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : નવેમ્બર ૬,૨૨,૨૦૨૨

## દરેક બેન ઈલાબેન !
## આગે..આગે...કદમ !!



ઈલાબહેન અમારી સાથે જ છે અને રહેશે જ. એમનાં નશ્વર દેહને સ્મશાન લઈ જતાં કાઠું પડતું હતું. તેમનો દેહ પંચમહાભૂતમાં વિલીન થતો હતો ને સ્મશાનમાં એકઠાં થયેલાં 'સેવા'ના બેનોમાં સમાઈ જતો હતો. 'સેવા'ના સભ્યો, આગેવાનો અને સંગઠકો, "દરેક બેન, ઈલાબહેન!" પોકારતાં હતા.

આ દરેક બેન, ઈલાબહેન એટલે શું? અમે પોકાર કરતી બહેનોને પછીથી પૂછ્યું. 'સેવા'ની દરેક બેન ઈલાબહેનને મળેલા ગૌરવ અને માનલાયક છે. અને 'સેવા'ની દરેક બહેન ઈલાબહેને જાળવેલા 'સ્વાશ્રય' અને 'સંગઠન'ના મૂલ્યો અને મહેનત કરવા જવાબદાર છે.

આ પહેલો 'અનસૂયા'નો અંક છે ઈલાબહેન માટેનો: ઈલાબહેનના માન અને સન્માન માટે નહીં. તે તેમાં નહોંતા માનતા. પરંતુ, તેમના કામમાં સમાયેલા અને વ્યક્ત થયેલાં વિચારો અને આચરણને ધ્યાનમાં રાખીને આ અંક તૈયાર કર્યો છે. દરેક અંક તેમણે 'સેવા'ની બહેનો માટે કાઢ્યો.

હજારો સંદેશાઓ ઈલાબહેન માટે આવ્યાં છે અને હજુ આ પ્રવાહ ચાલુ જ છે. શહેરમાંથી, રાજ્યોમાંથી, પરદેશમાંથી, યુનિયનોમાંથી, બજારોમાંથી, સંસ્થાઓમાંથી, સરકારોમાંથી અને સંયુક્ત રાષ્ટ્રની એજન્સીઓમાંથી પણ એ બધાંને ન્યાય આ અંકમાં નથી આપી શકતાં માટે માફી માંગીએ છીએ. વહેલાં તે પહેલાં કરીને વિવિધ ક્ષેત્રોમાંથી આવેલા સંદેશાઓ આ અંકમાં સમાવવા પ્રયત્ન કર્યો છે. પણ, આગળના અંકે આગળ ચાલીશું.

**– મનાલી**

□

## વિસ્મરણ યાત્રા

'બેન'ના સ્મરણો તો એટલા છે કે, એક વિચારુ ને એક ભૂલી જાઉ, એટલા બધા સ્મરણોનો ભંડાર છે. તેથી વધારે મોટો વિસ્મરણોનો ખજાનો છે. મારા ઉપર એની ઊંડી અસર છે અને જે સ્મરણો તરી આવે છે તે સ્મરણો હું યાદ કરું છું.

હું 'સેવા'માં નવી નવી જોડાઇ હતી ત્યારે, ઈલાબહેન 'સેવા'ના જનરલ સેક્રેટરી હતા અને દર મહિને મિટીંગ કરે. પહેલી મિટીંગમાં હું ગઇ હતી. તેમાં પહેલું જે સમજાવેલું તે, ચાર ગોળાની વાત, એ વૈશ્વિક વાત હતી. દુનિયામાં કામદાર બહેનો અને ભાઇઓ પચાસ પચાસ ટકા છે પણ, એવું જ કામના કલાકોમાં નથી. બહેનો કામ માટે ૬૭ ટકા સમય આપે અને ભાઇઓ ૩૩ ટકા! એવું આવકમાં પણ, ભાઇઓની આવક ૯૦ ટકા ગણે જ્યારે બહેનો-ભાઇઓ કરતાં વધારે કામ કરે તોય, બહેનોની આવક ૧૦ ટકા જ ગણે!

સાધનો, પૈસા, મિલ્કતની માલિકીમાં ભાઇઓની ૯૯ ટકા અને ૧ ટકો જ બહેનોની! બીજી મિટીંગોમાં પણ 'બેન' કાયમ બધાને ચાર ગોળા બોલાવીને યાદ કરાવતા. એમાંથી હું એક વાત ધીમે ધીમે સમજી ગઇ કે, આ 'સેવા'નું એક લક્ષ્યાંક કે કોઇ ટારગેટ એ આ ચળવળ નથી. પણ આ જે પચાસ પચાસ ટકા વાળુ ચિત્ર છે તે દરેક ગોળામાં કેવી રીતે બદલાય ? એટલે કે ભાઈ-બહેનોના કામના કલાકો સરખા થાય, સરખી આવક થાય, સરખી માલિકી ભોગવે એ બધુ સમાન કરવું તે દિશામાં 'સેવા'ની ચળવળ આગળ જઇ રહી છે. આ આર્થિક, સામાજિક, સમાનતા અને બદલાવની વાત છે. એટલે બહુ મોટું વિઝન છે. એ મને હજી દર વર્ષે યાદ આવે. 'સેવા'નો વાર્ષિક અહેવાલ બને ત્યારે, આ ચાર ગોળામાં શું બદલાવ આવ્યો છે ? એને કઇ રીતે દર્શાવવાનો ? આ ૫૦ વર્ષની યાત્રામાં કેટલા બધા ગોળમાં કેટલાય ટકા આમથી આમ બદલાઇ ગયા છે. બહેનોની આવક વધી છે, બહેનોના કામના કલાકો સમાન થયા છે, માલિકીમાં બહુ બધો વધારો થયો છે, પણ એ આ ગોળામાં કેવી રીતે આવે ? તે આ ગોળામાં દેખાય છે.

'બેન' સાથેની મારી પહેલી મિટીંગ પછી આજના દિવસ સુધીની બધી યાદો મનમાં તાજા છે. એવું લાગે છે કે, આ જ દિશા છે અને હજુ આગળ આ દિશામાં જવાનું છે. એક વર્ષનું પ્લાન, રિપોર્ટ બરાબર, પણ એનાથી વિશેષ કંઇક આ ચળવળ મેળવી રહી છે અને આ જ ઇલાબહેનનું પોતાનું દર્શન ભવિષ્યનું છે.

બીજી બે વાતની તેમની પાસેથી બહુ સમજ પડી તે એ કે, 'સેવા' સંગઠનના ૨૧ લાખ સભ્યોએ શું મેળવ્યું આટલા વર્ષોમાં ? તે બધા આંકડા તો બરોબર છે પણ, શું મેળવ્યું આપણે ? આપણા સંગઠનની મૂડી શું ? તેમણે તે સમયે બે વસ્તુ કહી હતી, "એક સંગઠનનું સંગઠિત

બળ અને 'સેવા'ના મૂલ્યો. આ બે કોઇ નહીં છીનવી લે. એ આપણા છે, આપણી એસેટ છે, આપણી મૂડી છે, હજી આગળ જવાનું છે અને ૧૦૦ વર્ષની ઉજવણી કરવાની છે ત્યારે આ બે આપણા આધાર હશે. આ બે મિલ્કત જે 'સેવા'ની છે તેને કોઇ નહિ લઇ શકે.'' આના સાથે આપણે આગળ વધીએ એ બહુ સમજાવ્યું.

બીજું કે, સાદગીની વાત તો દર વખતે એમની સાથે થયા જ કરે. મારે તેમનો એક અનુભવ સહુને કહેવો છે. હું એમના જોડે વોશિંગ્ટન ગઇ હતી. મારી સાથે માથોડા કામના આગેવાન લક્ષ્મીબહેન પણ હતા જ્યારે 'બેન'ને એવોર્ડ મળવાનો હતો. અમે બધા પરદેશ ગયા, નવેક વાગે અમે હોટલ પર પહોંચેલા. બહેનની એક રૂમ અને ત્રણ ચાર રૂમ છોડીને અમારી રૂમ, આખા દિવસના થાકેલાં એટલે જતાંની સાથે જ સૂઇ ગયા. સવાર થઇ પણ, અમે તો સૂતેલા... ત્યાં જ કોઇએ દરવાજો ખટખટાવ્યો. મેં પૂછ્યું, કોણ છે? તો સામેથી અવાબ આવ્યો કે 'વેઇટર'. મેં દરવાજો ખોલ્યો ને જોયું, તો બેનના હાથમાં ટ્રે ને તેમાં બે કપ ગરમ ચા હતી જે, બેન અમારા માટે તેમના રૂમમાંથી બનાવીને લાવેલા. સાદગી હું ત્યારે સમજી કે, બહુ બોહળુ છે અને બહુ ઊંડુ છે એમના માટેની સાદગી, એ હ્રદયસ્પર્શી છે. જે આજે પણ એ દ્રશ્ય મને યાદ છે, જ્યારે બહેનના હાથમાં ટ્રેમાં બે કપ બનાવેલી ચા હતી. એનાથી અમે અમારો દિવસ શરૂ કર્યો. સાદગીનો બહુ મોટો સંદેશ આમાંથી મેળવ્યો.

બેન એક એ વાત બહુ કહેતાં કે, ''આપણે બધા વિચારીએ, વિચારતા થઈએ, દરેક વસ્તુનો વિચાર કરો. તમે કંઇક ખાવ છો ત્યારે વિચારો, કંઈ કામ કરો ત્યારે વિચારો, ટેબલ ઉપર બેઠા છો તો ટેબલના લાકડાંનો વિચાર કરો કે, આ લાકડું ક્યાંથી આવ્યું ?'' કોણે ઝાડ વાવ્યું? કોણે કાપ્યું? કોને વધુ નફો થયો?'' આ વિચાર કરવાની વાત તેઓ બહુ કરતા. દર મહિને 'સેવા'ની કોર કમિટી મળે, શેરિંગ થાય, આ આખી કમિટિને બેને 'બૌધ્ધિકશાળા'માં ફેરવી અને અમે કેટલાંય વર્ષ એક પણ ગેપ વગર આ બૌદ્ધિકશાળામાં મળ્યાં. આ બૌદ્ધિકશાળા ચાલે અને બધા ભાગ લે. તેમાં કેટલાય વિષયો પર ચર્ચા કરી.

કોવિડ આવ્યો એટલે બૌધ્ધિકશાળા પર થોડો બ્રેક લાગ્યો. મને અકળામણ થતી હતી કેમ કે, કોઇ મળતું ન હતું. એ બ્રેક પછી જ્યારે થોડીક શરૂઆત થઇ ત્યારે બેને કીધું કે, ''આપણે પણ વર્ચ્યુઅલ કરીએ, એમાં શું છે, ભલે ભેગા નથી થઇ શકતા.'' એટલે વર્ચ્યુઅલ કરી. પણ વિષય શું ? આ બૌધ્ધિકશાળામાં ત્રણ વસ્તુ પર દર મહિને એમના જોડે વાત થતી રહે કે, વિષય શું હશે ? તારીખ શું ? વક્તા કોણ હશે? કોણ આવશે ?'' એની ચર્ચા અને બૌદ્ધિકશાળા પતે પછી બેન તરત પૂછે કે, ''કોઇનો ફિડબેક આવ્યો છે ?'' એના પર વાત. બીલકુલ ફોકસ, વિષયો ઉપર. હું માનુ છું કે એ બૌદ્ધિકશાળાઓ 'સેવા' સંગઠનને બહુ બધા સ્મરણો આપ્યા છે. બસ આ જ આચવાનું છે આપણે સૌએ. મને યાદ છે કે, કોવિડ પછી મને બેને કીધું કે, ''હવે શું વિષય રાખીશું ?'' મેં કહ્યું કે, કોવિડમાં બધા અત્યારે બહુ દુ:ખી-નિરાશ થઇ ગયા છે. કોઇએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે, જેને લીધે કોઇને કશું સૂઝતું નથી. બેન કહે, ''ના આપણે એક વર્ચ્યુઅલ કરીએ.'' કોવિડ પછીની પહેલી જ વર્ચ્યુઅલ બૌધિકશાળા થઇ એમાં વિષય હતો 'અંતાક્ષરી'. બેન કહે, ''ગીતો ગાઓ.'' પછી તો, જેટલાં જોડાયા એટલાએ જાત જાતના ગીતો ગાયા અને બૌધિકશાળા પતી. આવી કેટલીએ બૌધિકશાળા થઇ. એકવાર અમે કીધું કે, બૌધિકશાળામાં આપણે 'વૈષ્ણવજન' ગાઇ એનો અર્થ સમજીએ. આખું ગીત બે વાર ગાયું અને બધાંને પૂછવામાં આવ્યું કે, આમાંથી તમને શું સ્પર્શે છે? એક એક લીંટી ઉપર સમજ, એક એક લીટી ઉપર ચર્ચા, એટલું બધું મેળવ્યું છે અમે કે, અમે ભરાઇ ગયા છીએ એનાથી. હું વધારે એમની જોડેની વાત યાદ કરું તો, કર્મ અને ધર્મની વાત. એ વાત તો હંમેશા આવે. હું બહું સમયે સમજી કે, કર્મ એ જ ધર્મ છે. સારા કામ, સારા વિચાર, એ આખી કર્મની વાત પર એમને એક લાઇનમાં સમજ આપી. એ બધા સ્મરણોથી હું બહુ સજ્જ છું, સાચું કહું તો. છેલ્લે જ્યારે ૫૦ વર્ષની ઉજવણીની વાત આવી તો, ઈલાબેને ત્રણ-ચાર મેસેજ આપ્યા. એ હંમેશા પૂછતાં ''પ્રાર્થના' 'સેવા'માં રેગ્યુલર ગવાય છે કે, નહીં ? 'શાંતિ કા વાધ્ય' અંદર ઉમેર્યુ? એક ચીઠ્ઠી આવી જાય કે, 'શાંતિ કા વાધ્ય' ઉમેર્યુ એ ગવાય છે ને ? પ્રાર્થનામાં આપણે સર્વધર્મની વાત કરીએ છીએ એ 'હમ સબ એક હૈ'માં બધુ જ સમાઇ જાય છે, એટલે આ હંમેશા 'સેવા'માં ચાલુ રહે.'' એમ એક ચિઠ્ઠી વાટે પૂછી લેતા કે, આ થાય છે?'' મેં ઘણું બધું એમની પાસેથી મેળવ્યું છે કે, હું વર્ણવી નથી શકતી. મને થાય છે કે, આમાંથી થોડાઘણું પણ પાછું વળી શકે તો જ એમના સ્મરણ કરવાની અગત્યતાને હું સમજી શકીશ. હું પ્રાર્થના કરું છું કારણ કે, 'સેવા'ના ૫૦ વર્ષની ઉજવણી તો પાકી જ છે. મને કહે, ''પાછલા ૫૦ વર્ષ વિત્યા એ વાત નથી કરવી, પણ હવે, આવનારા ૫૦ વર્ષ કેવાં હશે? એનું આપણું દર્શન શું છે? એની ઉજવણી આ ૫૦ વર્ષે કરીએ છીએ. એટલે, ૧૦૦ વર્ષની ઉજવણીનો પ્લાન ૫૦ વર્ષની ઉજવણીના દિવસે કરો.'' એ દિવસે અમે ૧૦૦ વર્ષની ઉજવણી કેવી રીતે કરીશું? એના આયોજન સાથેની ઉજવણી કરી. આખું વર્ષ ઉજવણી કરીશું.

બૌદ્ધિકશાળામાંથી મારું જે અધુરું રહી ગયું એમની સાથેનું તેની વાત કરું તો, એકવાર બૌદ્ધિકશાળાનો વિષય હતો 'ઉકરડો'. 'ગામના ઉકરડા'. એમાં ઘણું બધું મેં ભેગું કર્યું અને એના ઉપર લખવાનું ચાલુ કર્યું. બહુ બધું મર્ટીરિયલ ભેગું કર્યું હજી એક વધારે સારી ચોપડી બહાર કરી શકીએ એવી 'બેન'ની બહું જ ઇચ્છા હતી. ઘણીવાર હું લખવામાં થોડી પાછી પડી જાઉ એટલે મને જુદી જુદી રીતે સંદેશો 'ઉકરડા'નો યાદ કરાવે કે, ''આપણે હજુ કંઇક કરવાનું છે...!'' મને યાદ છે છેલ્લે પણ, થોડા દિવસ પહેલાં મને ફોન કર્યો કે, ફાઇલ લઇને આવી જાઓ. હું મોટી દઇત ફાઇલ જેમાં બધું ભેગું કરેલું તે લઇને ગઇ. મને કહે, ''જ્યોતિ, ફાઇલ તો બહું મોટી થઇ જાય છે...!'' મેં કહ્યું, બીજી એક ચોપડી લખાઇ જશે એટલે આ નાની થઇ જશે...! તો કહે, ''હા'', અને મને બે કલાક એના વિશે વાત કરી. હવે, 'સેવા'નો સ્થાપના દિન એપ્રિલ-૧૨-૨૦૨૩ આવે તે પહેલાં આ બૂક હું 'બેન'ને અર્પણ કરીશ. સ્વચ્છ આકાશની જે ઈલાબેને મને વાત કરી તે ''સ્વચ્છ ખોરાક, સ્વચ્છ પાણી, સ્વચ્છ જમીન વગર સ્વચ્છ ભૂમી શક્ય નથી. સ્વચ્છ ભૂમી વગર સ્વચ્છ પૃથ્વી શક્ય નથી. અને જો સ્વચ્છ પૃથ્વી હોય ત્યારે જ સ્વચ્છ આકાશ સંભવ છે.'' અને સમજાવ્યું કે, ''પૃથ્વી ઉપર છવાયેલું તે આકાશ, માનવના દિલદિમાગમાં છવાયેલું તે આકાશ અને માનવ-માનવ વચ્ચે, માનવ-પ્રાણી વચ્ચે સમાયેલું આકાશ, એ ત્રણે આકાશ સ્વચ્છ જોઈએ.''

બીજી એક વાત યાદ કરું તો, એક દિવસ બૌદ્ધિક શાળાનો વિષય એમને નક્કી કર્યો. કે, ''આપણે બધા 'અંગ્રેજી' બોલીએ.'' મે કહ્યું,બહેનો? 'કારોબારી'ને બીજા બધા? તો કહે, ''જેને જેવું આવડે એવું અંગ્રેજી.'' પછી એવી 'અંગ્રેજી'ની બૌદ્ધિક શાળા થઇ અને શું બહેનો હિન્દી, અંગ્રેજી, ગુજરાતી મીક્સ કરીને બોલ્યા, હસ્યા ય બહું ને, બોલ્યાય બહું... તો આ છે 'બેન'... બેન કહે. આ ભાષા વચ્ચે દિવાલો કેમ? અંગ્રેજીમાંથી ગુજરાતીમાં કેમ ન સરી પડાય? અને ગુજરાતીમાંથી હિન્દીમાં? કહે કે ભાષા તો ભળે ત્યારે જ વિકસે. જેટલી શુધ્ધ ભાષા જરૂરી તેટલી ભાષા-ભાષાની મેળવણી જરૂરી. બહુભાષા તરફ જવાનું સમજાવે. અને પ્રાર્થના છે કે, આ જે 'સ્મરણો' છે. એમના જે સંદેશા છે, એમનું જે 'દર્શન' છે તે, ૧૦૦ વર્ષની જ્યારે ઉજવણી થાય ત્યારે, 'સ્વચ્છ આકાશ' હેઠળ 'સેવા' સંગઠન બેસે અને બહેનોને પુરું 'સ્વરાજ' મેળવવાની જે વાત છે તે દિશામાં આગળ વધી ૧૦૦ વર્ષની ઉજવણીમાં 'આકાશ સ્વચ્છ' હશે! અને બહેનોએ 'સ્વરાજ'નો અનુભવ કર્યો હશે, એવી પ્રાર્થના સાથે હું વિરમું છું..

**- જ્યોતિ મેકવાન, જનરલ સેક્રેટરી, 'સેવા'**

□

## વડીલોના વડીલ

"બદલતું પર્યાવરણ અને તેનાથી થતા ગેરલાભ એ વાતાવરણ કે આબોહવાનો પ્રશ્ન નથી પરંતુ માનવ અધિકારનો પ્રશ્ન છે" ઈલાબેન અમને એલ્ડર્સને કહેતા.

ઈલાબેનની બહાદૂરી તેમની નમ્રતામાંથી ઉગેલી છે, બીજાના અને ખાસ તો સમાજ અને અર્થતંત્રથી છોડાઈ ગયેલાંના વિચારો સાંભળી, સમજી, સહકાર તથા સમભાવનાથી વિવિધ માળખાં રચી સામાજિક અને આર્થિક ન્યાય માટે ઈલાબેન જીવ્યા છે. નેલ્સન મંડેલા આ આપોઆપ અને સ્વગત રીતે સમજ્યા અને ઈલાબેનને એલ્ડર્સ (વડીલ મંડળ) સાથે જોડાવા આમંત્રણ આપ્યું.

આંતરરાષ્ટ્રીય રાજકારણમાં પુરુષપ્રધાન લાભાલાભની વિચારધારા અને સંસ્થાઓમાં તેમણે એકબીજાને સમજીને પરસ્પર સગવડ કરી આપવાની સ્ત્રી સહજ વાત આંતરરાષ્ટ્રીય પ્રવાહોમાં અગ્રસ્થાને મૂકી.

ઈલાબેનના મને અને પ્રેસિડેન્ટ કાર્ટરને કહેલાં શબ્દો મને હંમેશા યાદ રહ્યાં છે. "અન્યાય સામેની અહિંસક ચળવળ હિંસા કરતાં વધુ મહેનત માંગી લે છે. હથિયારો તો હામ હારેલાનું શસ્ત્ર છે. અહિંસા મહેનતનું ઓજાર છે."

નેલસન મંડેલાએ સ્થાપેલી વિશ્વના નેતાઓની "એલ્ડર્સ" સંસ્થામાં ઈલાબેન અનન્ય સભ્ય હતા. "મૃદુ ક્રાંતિકારી" ખરાં જ પરંતુ મૃદુ એટલે મોળા નહીં. નમ્ર આગ્રહી. ગાઝામાં બાળકો કે ભારતમાં બાળકીઓ : ઈલાબેનને માટે સૌની જીંદગી અમૂલ્ય હતી.

વિશ્વના અર્થતંત્રની છેવાડાની બહેનો માટે અથાગ પ્રયત્નો, ગરીબો અને કામદારોને ન્યાય, અને સમજીને કરેલાં કામમાંથી ઉપજેલું અનેરું ડહાપણ ઈલાબેનનું હતું. લાંબી ચર્ચાના અંતે અમને યાદ કરાવતા "બટ વી આર એલ્ડર્સ" આપણે વડીલ છીએ. એ અમારા વડીલોના વડીલ હતાં.

**– મેરી રોબીન્સન, આયર્લેન્ડના પૂર્વ રાષ્ટ્રપતિ, એલ્ડર્સના પ્રણેતા**

□

## અસંગઠિતક્ષેત્રની મજૂર ચળવળના પ્રણેતા

સેલ્ફ એમ્પ્લોયડ વિમેન્સ એસોસીએશન (સેવા)ના સ્થાપક એવા ઈલાબેન ભટ્ટના અવસાન માટે હું દિલસોજી પાઠવું છું. ભારતના મજૂર સંઘોમાં મજૂરવર્ગના તેઓ સૌથી પ્રબળ અવાજ હતાં.

જયારે તેઓ સંસદના ઉપલા ગૃહના સભ્ય હતાં ત્યારે, ગરીબ, શ્રમજીવી સ્ત્રી કામદારોના કામની પરિસ્થિતિનો અભ્યાસ કરવા માટે અનન્ય એવું 'નેશનલ કમિશન ઓન સેલ્ફ એમ્પ્લોયડ વિમેન' સરકારે બનાવેલું તેના પ્રમુખ તરીકે તેમની ઉત્કૃષ્ટ અને અસરકારક ભૂમિકા રહી હતી. માઈક્રો ફાયનાન્સ, બેંકિંગ અને ગરીબી દૂર કરવા માટેની બાબતોમાં વર્લ્ડ બેંક જેવી બહુપક્ષીય સંસ્થાના સલાહકારથી આગળ વધી દિવાદાંડી સમી ભૂમિકામાં તેઓ રહ્યાં છે.

પોતાના નવ દાયકાના જીવનકાળમાં અસંખ્ય લાખો કામદારો અને તેમના અસંખ્ય પરિવારના સભ્યોને જીવનધોરણ સુધરે તેમજ તેમના હકના રક્ષણ માટે ઈલાબેને કરેલા અમૂલ્ય ફાળાની અમે નોંધ લઈએ છીએ. તેઓના ઉદાત્ત વ્યક્તિત્વની ખોટ આપણી મજૂર સંઘની ચળવળને સાલશે જ તેમ છતાં તેમના મૂલ્યવાન વિચારો અને તેમની ઉત્કૃષ્ટ કામગીરી આવનારા અનેક સંગઠનોના આગેવાનો માટે આખી સદી સુધીનું પથદર્શન બની રહેશે.

આઈ.ટી.યુ.સી.એ.પી. વતી, હું તેમની ચિરવિદાય ઉપર શોકની લાગણી વ્યક્ત કરું છું. અમારી ઊંડી સહાનુભૂતિ સેવા તથા તેના લાખો સભ્યો તેમજ ઈલાબેનના કુટુંબીજનો તેમજ તેમના મિત્રોની સાથે છે.

આપની સાથે બંધુતામાં જોડાયેલ.

**– શોયા યોશીદા, જનરલ સેક્રેટરી, ઇન્ટરનેશનલ ટ્રેડ યુનિયન કોન્ફડરેશન, એશિયા પેસિફિક**

□

## ભારતના રાષ્ટ્રીય સંગઠનોના સંદેશા

ઈલાબેન, ગાંધીવાદી શ્રમિક અધિકારોના હિમાયતી અને સેવાના સ્થાપકના સ્વર્ગવાસ નિમિતે All India Trade Union Congress તેના ઊંડા શોકને વ્યક્ત કરે છે. તેઓ ૮૯ વર્ષના હતાં અને લગભગ હમણાં સુધી તેઓ અનેકવિધ ગતિવિધિઓમાં સક્રિય રીતે સામેલ હતાં. તેમના જવાથી ભારતની શ્રમિક ચળવળને અભૂતપૂર્વ ખોટ પડી છે. પોતાના ધ્વજને અર્ધી કાઠીએ ઊતારીને AITUC ઈલાબેનને સલામ અને રાષ્ટ્રીય સન્માન અર્પે છે તેમજ આ આઘાત પામેલા તેમના કુટુંબીજનો અને સેવાની વેદનામાં સહભાગી થાય છે.

લાખો કામદાર બહેનોના મુદ્દાઓ માટે સન્નિષ્ઠ ઈલાબેનને તેમના સતત યોગદાન બદલ અનેક જાતના સન્માન મળ્યાં. નેલ્સન મંડેલા અને ડેઝમન્ડ ટુટુ એ પેલેસ્ટાઇન પ્રશ્ન અને અન્ય આંતરરાષ્ટ્રીય પ્રશ્નો ઉપર શાણપણ ભરેલા યોગદાન મેળવવા વિશ્વભરના આગેવાનોને, એક એલ્ડર્સ ("Elders") નામનું જૂથ બનાવ્યું. જેનો અર્થ થાય છે મોવડી અથવા વડીલ. ઈલાબેનના કામદારોના પ્રશ્ન સમજે તેવા એક ખાસ સભ્ય હતાં. તેમના અથાગ પરિશ્રમને પારિતોષિકો અને સન્માનોથી નવાજવામાં આવ્યો. ઈલાબેન ભટ્ટની સંનિષ્ઠ સેવાઓના કારણે લાખો કામદાર બહેનોના અસ્તિત્વની વિશ્વ સમાજમાં અને અર્થતંત્રમાં નોંધ લેવાતી થઈ.

જયારે કામદારોના અધિકાર અને કામદાર બહેનોનાં અધિકાર ઝડપભેર છીનવાઈ રહ્યા છે તેવી આ કટોકટીની પળે, ઇતિહાસના એક મહત્વના સમયે કે જયારે, આપણા દેશની મજૂર સંઘની ચળવળ ખૂબ બલિદાનો આપીને મેળવેલા અધિકારોને સાચવી રાખવાં અને અસ્તિત્વ સંભાળીને વિકાસ પામવા માટે જીવનમરણનો સંઘર્ષ કરી રહી છે ત્યારે ઈલાબેનનું જવું એ ખરેખર એક ખૂબ મોટી રાષ્ટ્રીય ખોટ છે.

સંપૂર્ણ નિષ્ઠા અને અતૂટ નિ:શંકપણા સાથે સેવા ઈલાબેનની ધરોહરને આગળ અને આગળ વધારે તેવી ભારતના સૌ કામદારો વતી અભ્યર્થના સાથે.

**– અમરજીત કૌર, જનરલ સેક્રેટરી, પૂર્વ પ્રમુખ, (એ.આઈ.ટી.યુ.સી)**

□

શ્રીમતી ઈલાબેન ભટ્ટના દુ:ખદ અવસાન નિમિત્તે હૃદયપૂર્વક શોક વ્યક્ત કરું છું. આ ખોટ ફક્ત સેવા સંગઠનને જ નહીં પણ રાષ્ટ્રના સમગ્ર કામદાર સમાજને પડી છે. અનન્ય એવા બીજા નેશનલ કમીશન ઓન લેબરમાં તેમની સાથે કામ કરવાનું સદભાગ્ય મને મળ્યું હતું તેઓ કામદારો પ્રત્યે અત્યંત નિષ્ઠાવાન અને તેમના દરેક પ્રશ્નોના જ્ઞાની હતાં. તેઓને ઈશ્વર મોક્ષ આપે તેવી પ્રાર્થના.

**– સાજી નારાયણ, પૂર્વ પ્રમુખ, ભારતીય મજદૂર સંઘ (બી.એમ.એસ.)**

□

ઈલાબેનના ચિરવિદાયના દુ:ખદ સમાચાર જયારે મેં સાંભળ્યા ત્યારે મેં મુકેલી નોંધ આપ સહુને મોકલું છું.

સેવાની મારી બધી જ બહેનો તેમજ મજૂરસંઘ અને શ્રમિક બહેનોની ચળવળમાં કામ કરતાં મારા બધા અસંખ્ય મિત્રો અને સંગઠકો, ઈલાબેનની ચિરવિદાયના સમાચાર સાંભળીને ઘેરો શોક અનુભવું છું. તે સાથે જ થાય છે કે ચાલો, તેમના અસાધારણ જીવન અને આપણી રોજેરોજની ચળવળોમાં તેમણે કરેલા વિશ્વભરના યોગદાનને ઉત્સવની જેમ ઊજવીએ! આપણે એમના એટલા બધા ઋણી છીએ કે જે, આપણે ક્યારેય વ્યક્ત નહીં કરી શકીએ. દુનિયાભરની અસંગઠીતક્ષેત્રમાં કામ કરતી બહેનોના દુ:ખની અને તેમની શકિત વિશેની ઊંડી ઈલાબેન જેવી સમજણ જો આપણે આપણી ચળવળોમાં તાણાવાણાની જેમ રોજેરોજ વણીશું તો આપણે સહુ ચળવળોને ખૂબ આગળ લઇ જઈશું તેમજ મજબૂત કરી શકીશું.

૧૯૯૦માં ઘરખાતા કામદારો પર આંતરરાષ્ટ્રીય શ્રમસંસ્થા ઉપર તજજ્ઞ બેઠકથી માંડીને અનેક પ્રસંગે ઈલાબેનને મળવું એ એક વિશેષાધિકારથી ઓછું ન હતું! ત્યાર પછી તો અમે બંને એક લાંબી બદલાતા વિશ્વમાં મજૂરોની સફરના સહભાગી બન્યાં.

ઈલાબેન ,તમારા વગરની સફર ચાલુ રહેશે જેમાં તમે અમારા મન અને હૃદયમાં હંમેશ હંમેશ માટે રહેશો જ.

ખૂબ જ પ્રેમ અને આભારવશતાની લાગણી સાથે,

**– કેટ્લીન પાશ્વર, આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા (આઈ.એલ.ઓ.)ના કામદાર જૂથના ચેરપર્સનનો સંદેશો**

□

## અમારા વ્હાલા ઈલાબેન

નમસ્તે! સલામ!

આશા કરું છું કે, તમે દેવલોકમાં ખુશ અને સુખેથી હશો. ત્યાં રહેનારા તમામ દેવગણ તમને જોઇ અને સ્મિત છલકાતા હશે. કારણ કે, તમારું સ્મિત એટલું સક્ષમ છે કે, પત્થર જેવા નિર્જીવ ને પણ સ્મિત કરાવી દે છે. ઈલાબેન, આપ મારા માર્ગદર્શક અને મારો અવાજ છો. મને હજી એ દિવસ યાદ છે જ્યારે, મેં ‘સેવા’માં તમારી પહેલી વાર મુલાકાત લીધી. તમે બેજ રંગની ખાદી સાડીમાં ખૂબ જ સરળ અને સુંદર લાગતાં હતા. તમારા વાળની સફેદ સેરો તમારા ચહેરાના તેજને અનાયાસે વધારી રહી હતી. ઈલાબેન, તમારું નામ માત્ર મારું દુ:ખની નદીઓ અને તકલીફોના પહાડોને હરી લેતા હતા. તમારી વાત કરવાની રીત ખૂબ નમ્ર અને હિમ્મત પ્રેરે એવી હતી. તમારો નમ્ર-શાંત ચહેરો જોઇ મને કાયમ શાંતિ-સુકુનનો અનુભવ થતો. તમે કાયમ મારી તબિયત, મારી દીકરીઓ વિષે ખબર-અંતર પૂછતાં, હંમેશા અમારા માટે ચિંતિત રહેતાં. તમે અમે સાચો માર્ગ બતાવ્યો છે. આત્મનિર્ભર બનવું, સ્વાશ્રયી બનવું, લાગણીશીલ બની અને કેવી રીતે આપણે ગૌરવભેર આગળ વધી શકીએ તે છે તે તમે બનાવ્યું. આપણું સ્વમાન બીજાના માનને જાળવીને કેમ સાચવવું તે તમે કરી બતાવ્યું. તમે મારા મા છો કારણ કે તમે જ મને રળવાની આવડત આપી છે અને મારા અંત સુધી મારી સાથે રહેશો. તમારા સતત માર્ગદર્શને જ મને જીવંત રાખી. તમે મારી હિમ્મત હતા, હામ હતા, અને રહેશો. તમારા ગુણો અપનાવીને હું મારા જીવનને સરળતાથી અને દયાભાવથી વિતાવીશ.

ખૂબ યાદ કરું છું, ઈલાબેન

આઇ મીસ યુ... ઈલાબેન...

તમારું સ્મરણ અનંતકાલ સુધી રહેશે.

**– શહેનાઝ, ‘સેવા’ કશ્મીર**

□

# 'મજૂર મહાજનથી' ઈલાબેન સાથેની ભૂલી-બીસરી યાદો

મારી પડોશમાં રહેતાં સુદામભાઈ 'બેન'ના ખાસ ડ્રાઈવર હતા. તેઓ મને કામ માટે 'મજૂર મહાજન'માં ૧૯૭૯માં લઈને આવ્યાં અને મારી ઈલાબેન સાથે મુલાકાત કરાવી. સુદામભાઈના પિતા મહાજનમાં. મોટાબેને તેમને ઈલાબેનને સોંપ્યા.

મજૂર મહાજનથી ૧૯૮૧માં ઈલાબેન મને'સેવા'માં સાથે લઈને આવ્યાં. ત્યારે મારું મૂળ કામ ઝાડું-પોતાનું હતું. એ વખતે 'સેવા'માં સવારે ૭.૦૦ વાગ્યે ઑફિસ ખોલવાનું કામ હું કરતો હતો કારણ કે, આપણે ત્યાં બહેનોના રેડિયો મિકેનિક ક્લાસ ચાલતાં હતાં. એટલે પહેલાં રેડિયો રૂમની ત્યારબાદ બીજા બધા રૂમની સફાઈ કરતો.

સવારે ૧૦.૩૦ વાગ્યે 'બેન' આવતાં ત્યારે મારું કામ જોતા. ''એક દિવસ 'બેને' તેમની કૅબીનમાં બોલાવીને પૂછ્યું કે, તારે બીજું શું કામ શીખવું છે?'' તો મેં કહ્યું કે, અહિયાં બધાં બેનો દેખાય છે હું શું શીખું? ત્યારે બેને થોડું સ્માઈલ કરીને મહેન્દ્રભાઈ ટાઈપીસ્ટને બોલાવીને તેમને વાત કરી કે, આપણે કિશોરને ટાઈપીંગ શીખવો. આથી મહેન્દ્રભાઈ રોજ સવારે એક કલાક વહેલા આવીને મને ગુજરાતી ટાઇપ કરતાં શીખવાડતાં. પૂરી ધગશથી હું ટાઇપ શીખી ગયો અને 'બેન' નાનાં-નાનાં પત્રો ટાઇપ કરવા મને આપતાં. તેમાં જરાક પણ ભૂલ આવે તો, 'બેન' મને તેમની કૅબિનમાં બોલાવતાં અને પહેલાં તો મારો કાન દૂરથી પકડતાં અને સમજાવે કે, જો આ રીતે ટાઇપ કરાય? આ રીતે હું સારી રીતે ટાઇપ કરતાં શીખી ગયો. જયારે બરાબર ટાઇપીંગ ફાવી ગયું ત્યારે 'બેન' અગત્યના પત્રો ના જવાબ પણ મારી પાસે ટાઇપ કરાવતાં. પછી તે પત્ર મિલમાલિક હોય, મજૂરનેતા ને હોય, ભારત સરકારમાં મુખ્ય સચિવને હોય કે વળી પોલીસખાતાને હોય.

સાંજે છૂટીને 'બેન'ને સુદામભાઈની રીક્ષામાં ઘરે મૂકી ને પછી હું ઘરે જતો, એ મારો નિત્ય ક્રમ. આમ, 'બેન' સાથે હું અમદાવાદની ચાલીઓ અને ગરીબ વિસ્તારમાં વર્ષોથી ફર્યો છું. રોજ ગરીબને ઘરે જાય. કામ જુએ. મજૂરી સમજે. શાંતિથી આવક વધારવાની વાત કરે. ક્યારેય બીજાના ધંધા પડાવાની કે ઓછા કામની વાત નહીં.

'બેન'ને દિલ્હી- પરદેશ જવાના હોય ત્યારે, એરપોર્ટ મુકવા તથા લેવા જતો. એકવાર 'બેન' દિલ્હી ગયા હતા અને પરત આવતાં હું અને સુદામભાઇ એરપોર્ટ ઉપર લેવા ગયા હતા. એ સમય દરમ્યાન મેઇન ગેટ પાસે બહાર આવતાં'બેને' ખુશીમાં હાથ બતાવ્યો, તો મને એવું થયું કે, 'બેન' બોલાવે છે તે, હું અંદર ઘુસી ગયો. ત્યાં 'બેન' કહે, અરેરેરેરે.....! તને પોલીસ પકડી લેશે, પાસ વિના આમ, એકદમ અંદર ના આવી જવાય!! પછી હું 'બેન'નો સામાન લઇને બહાર આવી ગયો ત્યારે ખબર પડી કે, 'બેન' આઈ.એલ.ઓ.માં ઘરખાતા કામદારો નું કન્વેન્શન જીતીને આવ્યા તેની ખુશીમાં હતા.

એકવાર 'બેને' પદમશાળી પિક્ચરની ટિકીટ લેવા અનસૂયાબેનન પૈસા આપ્યા. અનસૂયાબેને મને કહયું, કિશોર 'બેન' માટે ટિકીટ લઇ આવ. રૂપમ સિનેમા જઇને ટિકીટ લઇ આવ્યો અને વિકટોરિયા ગાર્ડનમાં જઇને બેઠો તે, ઊંઘ આવી ગઇ. સાંજે ૫ વાગ્યે ઑફિસ પાછો આવ્યાં ત્યાં તો અનસૂયાબેને બૂમાબૂમ કરી મૂકેલી. તેમને કહે, કયા શૉની ટિકીટ લાવ્યો? મેં કહ્યું છેલ્લા શૉની. ''બેન' કહે, કિશોર... કિશોર... જ છે.' પિક્ચર ''સંતુ રંગીલી''નું. બેન ચંદાબેન અને લક્ષ્મી ટેટા સાથે જોવા જવાના હતા.

'સેવા'માં અમેરિકાથી બે લોકોની ટીમ વિડીયો તાલીમ આપવા માટે આવ્યા હતા. ત્યારે 'બેને' મને સેલીબેન અને બાટલીભાઈ પાસે વિડીયોની તાલીમ પણ અપાવી હતી. સાથે અમીબેન, સાગરીબેન અને નિલમબેન.

હું જ્યાં રહું છું તે જગ્યા 'મજુર મહાજન'ની છે, તે મારા નામે કરવા માટે 'બેને' ખૂબ જ મહેનત કરી છે. મેં જ્યારે જ્યારે 'બેન' સાથે વાત કરી હોય ત્યારે ત્યારે 'મજુર મહાજન'ના મંત્રીઓને ભલામણ માટે પત્રો 'બેને' લખી મોકલ્યા છે, પણ, આજ દિન સુધી મારું ઘર મારા નામે થયું નથી, તેનો મને ઘણો અફસોસ છે.

''બેન' જ્યારે પણ, મળે ત્યારે એક જ સવાલ કરે, તારા ઘરનું શું થયું?'' હું એક જ વાત કરતો, કાંઇ થયું નથી. તરત કોઈ નવો ઉપાય શોધી લાવે.

ત્યાર બાદ 'બેને' મને ટપાલનું કામ સોપ્યું. જેમાં, બહારથી આવતી ટપાલ રજીસ્ટરમાં નોંધીને જે તે વિભાગ/ બેનને પહોંચાડવી અને 'સેવા'માંથી મોકલવાની ટપાલ ઉપર ઓ. સી. નંબર નાખી પોસ્ટ ઑફિસ જઈને રજીસ્ટર એડી તેમજ સ્પીડ પોસ્ટ દ્વારા ટપાલ મોકલવાનું

કામ કરું છું. કામ નાનું. જવાબદારી મોટી. સેવા વકીલોને નોટિસ આપે. તવંગરોને કાયદો બતાવે, મોટા માથાંને સરખા ગણી ટપાલ લખે અને મારી નોંધમાં તે બોલે.

ઈલાબેન પાસેથી દરેક વખતે નવું શીખવા અને ખાસ જાણવા મળ્યું છે અને મારો ઘણો વિકાસ થયો છે. હું તેમનો ઘણો આભારી છું. ‘બેન’ને મારા લાખ લાખ વંદન.

**- કિશોર**

□

## નમ્ર વિચારને મક્કમતાપૂર્વક મુકવાવાળા

ઈલાબેનને હું પહેલીવાર સન ૧૯૭૨ માં મળી હતી. હું વડોદરામાં કાપડસુતર મિલમાં કામ કરતાં કામદારો માટે કામ કરતી હતી. મોટા પ્રમાણમાં છટણી અને તકલીફથી પીડાતા કામદાર ભાઈ-બહેનો માટે શું કરી શકાય એની ચર્ચા કરવા હું ઈલાબેન અને રમેશભાઈને મળી હતી. આ ઉપરાંત ૧૯૬૯ના કોમી-રમખાણોમાં પણ નિઃસહાય પરિવારોમાં રાહતના કામ સાથે હું સંકળાયેલી હતી ઈલાબેન પણ અમદાવાદમાં આ કામમાં જોડાયેલા હતાં એ માટે ઈલાબેન સાથે કામની અને વિચારધારાની ચર્ચા કરી હતી. કોમી એકતા તેમના મનમાં સતત હાજર.

ઈલાબેન મને અને તૃપ્તિ શાહને ૧૯૮૦ની સાલમાં સેવાની ભદ્ર ઓફિસમાં નાટક, ગીતો, સુત્રોની કાર્યશાળા લેવા બોલાવ્યા હતાં. ત્યારે અમે ઈલાબેનના નાનકડા ઘરે જ રહ્યાં હતાં. દેશના અપ્રતિમ શ્રમશક્તિ રિપોર્ટ માટે માહિતી એકઠી કરવાથી માંડીને તેને ગણત્રીના પખવાડિયાઓમાં ગુજરાતીમાં કરવા માટે મેં એમની સાથે કામ કર્યું છે. ૧૯૮૦ના દાયકામાં ઈલાબેનને મળવાના ઘણા પ્રસંગો થયાં. નૈરોબી સંમેલનમાં અમે ૧૦ દિવસ સાથે હતાં. ઈલાબેન ખૂબ પ્રેમાળ, નિષ્ઠાવાન, અમારા સહુની ઊર્જા વધારનાર અને નમ્રતાપૂર્વક પોતાના વિચારને મક્કમપણે મુકનારા હતાં . ઈલાબેનનું જીવન અને કથન મારી માટે હંમેશા પ્રેરણાદાયી રહ્યું છે.

**- પ્રો. વિભુતિ પટેલ**

□

## ઈલાબેનની યાદ આપણા માટે આશીર્વાદ

ઈલાબેનના અવસાનના સમાચાર મને હમણાં જ મળ્યાં. સેવા અને અસંગઠીતક્ષેત્રમાં કામ કરતી અનેક કામદાર બહેનોના જીવનને આટલો લાંબો સમય આટલી મહત્વની રીતે દુનિયાભરમાં અસર કરી જનાર, અદભુત આગેવાનને આપણી વિશ્વની મજૂર ચળવળે ગુમાવ્યાં, તેનાથી મારું મન અને હદય વિચલિત થઇ ગયું છે. તેમણે દુનિયાના કેટલાંય લોકોને કેટલાય દેશોમાં કેટલાય ધંધામાં એવી આંતરરાષ્ટ્રીય મજૂર ચળવળ ચલાવવા તેમાંય ખાસ કરીને અસંગઠીતક્ષેત્રના કામદાર બેનો માટે કામ કરવા માટે દસકાઓ સુધી પ્રેરિત કર્યા છે.

ઇલાબેને મજૂર ચળવળ માટેના મારા પોતાના કામ પર એક ભૂસાય નહીં તેવી સર્વ સામાન્ય અસર તો કરી જ અને પછી પણ મને હંમેશા નવા અને મોટા કામમાં પ્રેરણા આપતાં જ રહ્યા છે. તેઓ જયારે AFL CIO જ્યોર્જમીનીબેન કર્કલેન્ડ માનવ અધિકાર એવોર્ડ સ્વીકારવા આવ્યા ત્યારે ભૂતપૂર્વ AFL CIO પ્રમુખ સ્વીની તેમને મળેલાં. સ્વીની એ કહ્યું કે અમેરિકામાં વધતા રહેલાં અસંગઠીતક્ષેત્રના અમેરિકન કામદારોને તેઓ સંગઠીત નથી કરી શક્યાં. ઈલાબેન પાસેથી અસંગઠીતક્ષેત્રની શું જરૂરિયાતો છે અને તેમની જરૂરીયાતોને ધ્યાનમાં લઈને તેમને વિશ્વભરમાં સંગઠીત કરવા માટે કેવી-કેવી સ્ટ્રેટેજીઝ વાપરવી જોઈએ તે એમની પાસેથી અમે શીખ્યા છીએ. તેમનું આ ઋણ હંમેશા અમારા પર રહેશે.

એક યુવાન મજૂર સંઘના કાર્યકર્તા તરીકે સેવાનો જાત-અનુભવ લેવા તેમજ સેવાનાં સંગઠકો આગેવાનો સભ્યોની સફર જાણવા માટે હું અમદાવાદ આવેલી. અસંગઠીતક્ષેત્રમાં કામ કરનારાઓને સંગઠીત કરવું કેટલું અગત્યનું છે તે ઈલાબેન પાસેથી શીખવાનું હું મારું સદભાગ્ય માનું છું. જયારે “સોલીડારીટી સેન્ટર”ના કામની આગેવાની કરવા હું ડોમિનિકન રિપબ્લિક પહોંચી ત્યારે ઈલાબેના નો સંદેશો મારી સાથે જ હતો ,જેના કારણે હું ચોકસાઈ રાખી શકી કે, હું જે કામ માટે આવી છું તેમાં બધા જ કામદારોનું અને ખાસ કરીને લાખો અસંગઠીતક્ષેત્રમાં કામ કરતી બહેનોનું જીવન સુધરે.

અમારી યહૂદી પ્રથામાં કહે છે તેમ, ઈલાબેનની યાદ આપણા માટે આશીર્વાદ બની રહે. હું માનું છું કે તેમની યાદ માત્ર આશીર્વાદ જ નહીં પણ કામદારોને વધુ ન્યાયપૂર્ણ જીવન આપવા માટે કામ કરતાં એવા કામદારો માટે સદીઓ સુધી પ્રેરણા બની રહેશે.

તમારી તેમજ સેવાની મારી બધી જ બહેનો માટે સહાનુભૂતિ સાથે.

**– કેથરીન ફાઈનગોલ્ડ**

□

## નયણાંની આળસ હરી ઘરખાતાના કામદારોને પ્રત્યક્ષ કરનાર

સેવાની પ્રિય બહેનો,

અમને સમાચાર મળ્યાં કે આપણા ખૂબ લાડીલા ઈલાબેન ભટ્ટ સેવાના સ્થાપક અસંગઠિતક્ષેત્રમાં કામ કરતી સ્ત્રી કામદારોના સશક્તિકરણના વિશ્વ પ્રણેતા અને ઘરેથી કામ કરતાં કામદારોના અધિકાર માટે લડત ઉપાડનારા યોધ્ધા ઓમાંના પહેલા એક-હવે આપણી વચ્ચે નથી. જો કે આવો દિવસ આવશે એ જાણ હતી. પણ તે છતાં આપણને પડેલી ખોટની ઘેરી અને જલદી દૂર ન થનારી લાગણી તો થાય જ છે. પોતાનાં સ્વાશ્રય ઉપર નભતી કામદાર બહેનોના અધિકારો માટેના તેમના અથાક પ્રયત્નો એ ભારત અને સમગ્ર દુનિયામાં માતબર અને સકારાત્મક અસર ઊભી કરી છે. તેમણે કરેલી અનેક પહેલમાં ત્રણ પાયારૂપ પહેલ જે અમારે માટે ખાસ મહત્વ ધરાવે છે અને તે છે ઘરખાતા કામદારોની ચળવળ. “ઘરખાતા કામદાર” (homebased workers) માટે તેમનો અમદાવાદના શહેરથી શરૂ કરી રાષ્ટ્રીય સંઘર્ષ અને અંતે આંતરરાષ્ટ્રીય શ્રમસંસ્થાનનું કન્વેશન ૧૭૭ને મળેલી બહાલી તેમજ હોમનેટ ઇન્ટરનેશનલની સરંચના કરવી તે ઈલાબેન જ કરી શકે.

હોમનેટ ઇન્ટરનેશનલની ફાઉન્ડીંગ કોંગ્રેસની મીટીંગ ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૧માં મળી ત્યારે ઈલાબેન કી નોટ એડ્રેસ આપીને અમારું ગૌરવ વધાર્યું. આ મીટીંગમાં તેમણે ઘરખાતા કામદારોને સેવા એ કેવી રીતે સંગઠીત કર્યા તેમજ આ અદ્રશ્ય કામદારો માટે કરેલા સંઘર્ષની વાત કરી હતી.

સમગ્ર વિશ્વની અસંગઠિતક્ષેત્રમાં કામ કરતી સ્ત્રી કામદારોની દુનિયા ઇલાબેને નમ્રતાથી બદલી નાંખી અમને આટલા બધા વર્ષો સુધી તેમનું માર્ગદર્શન અને ટેકો મળ્યો તે માટે અમે અમારી જાતને નસીબદાર માનીએ છીએ. હરહંમેશ એમના આભારી છીએ અને રહીશું. અસંગઠિતક્ષેત્રમાં કામ કરતાં કામદારો તેમજ ઘરખાતા કામદારો માટે તેમણે જે યોગદાન આપ્યું છે તેમજ તેમણે આપેલ વારસાને વધુ આગળ લઇ જવા અમે કટિબદ્ધ છીએ.

તેમના કુટુંબીજનો, મિત્રો અને ઈલાબેનના પોતાના ગણી અને તેમના ઉદેશને પોતાનો ઉદેશ બનાવનાર લાખો કામદાર બેનો અમારા નમન સાથે પ્રાર્થના.

ઈશ્વર તેમના આત્માને ચિર શાંતિ આપે

એકાત્મતાથી,

**– જહાનવી દવે, ઇન્ટરનેશનલ સંયોજક, હોમનેટ ઇન્ટરનેશનલ**

□

## કામદારો તો મહિલાઓનો અદ્વિતિય અને સહિયારો વારસો

સેવાના સ્થાપક “ઈલાબેન ભટ્ટના સ્વર્ગવાસથી બિલ્ડીંગ અને વૂડ વર્કર્સ ઇન્ટરનેશનલ (BWI) શોકમગ્ન છે.

તા. ૨ નવેમ્બર, ૨૦૨૨ ના રોજ ભારતના ગુજરાત અમદાવાદ ખાતે સેલ્ફ એમ્પ્લોયડ વુમેન્સ અસોસિએશન, સેવા ના સ્થાપક અને સેવાના પ્રધાનમંત્રી તરીકે ઈલાબેને ૧૯૭૨ થી ૧૯૯૬ સુધી પાયાનું કામ કર્યું. ગુજરાત વિધાપીઠના તેઓ ૭ માર્ચ, ૨૦૧૫ થી ૧૯ ઓકટોબર, ૨૦૨૨ સુધી કુલપતિ રહ્યા.

બી.ડબ્લ્યુ.આઈ સાથે એફીલીયેટ, સેવાને આપણા સહુનાં લાડીલા આગેવાનના વિયોગ બદલ (BWI) દિલસોજી વ્યક્ત કરે છે. રોજગારની દુનિયામાં તેમણે આપેલું યોગદાન અને તેમની સેવાઓને હંમેશા માટે યાદ કરાશે. વિશ્વે આજે એક મહારથી અને મહિલા કામદારોના મુદ્દાઓનો સબળ અને સાચો અવાજ ગુમાવ્યો છે. ઇલાબેને પોતાનું સમગ્ર જીવન અસંગઠિતક્ષેત્રના કામદારોને સમર્પિત કર્યું અને લાખો કામદારો તેમજ તેમના કુટુંબોના જીવનની કાયાપલટ કરી,તેઓ પોતાની પાછળ એક અદ્વિતીય સહિયારો વરસો આપણા સૌ માટે છોડી ગયા છે, જે સેવાનાં આગેવાનો, સંગઠકો તેમજ સેવામાં આવનારી પેઢીઓને માર્ગદર્શન આપતી રહેશે તેમજ પ્રેરતી રહેશે. આ કપરી ઘડીમાં અમારા મન અને પ્રાર્થનાઓમાં ઈલાબેનનું કુટુંબ તેમજ સેવાના બધા જ સભ્યો તેમજ સંગઠકો છે.

**– એમ્બેટ યુનુસ, જનરલ સેક્રેટરી, (બી.ડબ્લ્યુ .આઈ), બિલ્ડીંગ એન્ડ વૂડ વર્કર્સ ઇન્ટરનેશનલ**

□

## માણેકચોકથી મેલબોર્ન : બે ટોકરીની જગ્યા ને ઓળખ મળી

લક્ષ્મી ટેટા જેમને સેવામાં બધા ઓળખે. વેચનારના જૂનામાં જુના આગેવાન. અત્યારે તો એ આપણી વચ્ચે નથી. પણ તેમના દીકરી કમળાબેન પટણી છે. જેઓ તેમના માની સેવામાં રહી માણેક ચોકની જગ્યાના સંઘર્ષની વાત કરતાં જણાવે છે કે, મારા મા લક્ષ્મી ટેટા માણેકચોકમાં વેચતાં ત્યારે ત્યાં માંડ ૫૦ લોકો વેચનારા હશે. તે સિઝનેબલ ધંધો કરતાં બોર, કેરી, કે શાકભાજીનો પથારો કરતાં પણ ત્યાં દબાણ અને પોલીસની ખૂબ હેરાનગતિ તેથી છાબડીમાં, ટોપલીમાં માલ રાખે. પોલીસ આવે ત્યારે ઝટપટ ટોપલી માથે મૂકી દોડી જવાય. પોલીસ આવે ૨૮૩ ની કલમ લગાડી. આખો દિવસ પોલીસ સ્ટેશનમાં બેસાડી દે. હું ત્યારે માંડ ૧૦ વર્ષની. મા અમને બજારમાં લઇ જાય. હું પોલીસ વાન આવે તેનું ધ્યાન રાખું. હું પાનકોર નાંકે ઊભી રહું. દબાણ આવે એટલે કાંટો લઈને ભાગી જઈએ. ઘણીવાર સ્કૂટરની પાછળ સંતાડી દઈએ. ક્યારેક ઘાઘરામાં તો ક્યારેક ઓઢણીમાં. આમાંને આમાં ભણ્યા નહીં. આ રોજે રોજની દબાણ પોલીસની મગજમારીમાંથી છુટવા અમારા સમાજમાં એક ભાઈ કોર્પોરેટર બન્યાં. મારા મા બીજા બેનોને લઈને તેમને મળવા જતી તો કહે આપણે કોરટમાં કેસ કરી બધા પાસેથી પાંચ-પાંચ હજાર ઉઘરાવો. હવે આટલા પૈસા લાવવા ક્યાંથી? કહે અમારી સમાજના મફતલાલ પટણી મજૂર મહાજનમાં આગેવાન તેમણે કહ્યું આ બધા તો પૈસાખાઉં. તમે મજૂર મહાજનમાં જઈ ઈલાબેનને મળો. અમે બધા ૨૦ થી ૨૫ બેનો ભેગા થઇ ટોળું શોધતા શોધતા ગયા બેનને મળવા અને વાત કરી કે તમે જ અમને આ મુસીબતમાંથી કાઢી શકો. ઈલાબેને અમારી વાત સાંભળી કહ્યું આટલી તકલીફ હતી તો તમે અત્યાર સુધી ચૂપ કેમ બેસી રહ્યા? આ સાંભળી મારા મા તેમને ચોંટી પડ્યા. પછી તો બેને માણેકચોક, દાણાપીઠ, ચાંદી બજારમાં બેનો સાથે મિટીંગ પર મિટીંગ કરી. સેવામાં બધા સભ્ય બન્યાં. અને પોલીસ, દબાણની હેરાનગતિ વિરોધ કરવા એક રેલીનું આયોજન કર્યું. આ રેલી મજૂર મહાજનથી નીકળી મ્યુનિસિપાલીટી કોઠે અને ત્યાંથી ગઈ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન અને ત્યાં અમારા બધા પ્રશ્નોની રજૂઆત મોટા સાહેબોને મળીને કરી. પછી હેરાનગતિ ધીરે ધીરે ઓછી થઇ. ત્યારબાદ ઈલાબેને દાણાપીઠ અને માણેકચોકના જગ્યાના પ્રશ્ને બહેનો સાથે મીટીંગ કરી રાતોરાત મારી માને સહી કરતાં શીખવાડ્યાને દિલ્લી કોરટમાં કેસ મુક્યો. મારા મા તો રાજીના રેડ. કહે મારી સહીથી કોરટમાં કેસ? ત્યારે વકીલબેન ઇન્દિરાબેન જેસીંગ આપણો વેચનારને કેસ ત્યાં લડ્યા. કેસ જીત્યાં ત્યારે વકીલનું સ્વાગત કરવા મારા માને ઈલાબેન બલૂનમાં દિલ્લી લઇ ગયા. ઈલાબેન કહે કે લક્ષ્મીબેન કેસ તમારો, વકીલ તમારા, જીત તમારી. ઉજવણી આપણા સૌની. પહેલીવાર મારા મા બલૂનમાં બેઠા તે પણ સેવાના લીધે.

કમળાબેન જણાવે છે કે ઈલાબેને મારી મા અને અમારા જેવા લાખો શ્રમજીવીનો હાથ પકડ્યો તો ધંધાની જગ્યા અને લાઈસન્સ મળ્યું. માણેકચોકનો કેસ મેલબોર્ન શહેરમાં ચર્ચાયો. અમને ઓળખ મળી.

**– ગીતા કોષ્ટી**

□

## બહેન રમીલા, તમે ગજબ છો!

આ મને ગુરુપૂર્ણિમા એ ઈલાબેને મને આશિષ આપેલ. ડાર્લિંગ, હંમેશા ભગવાનની કૃપા તારી સાથે છે. જે બીજાની મદદ કરે છે તેને ભગવાન મદદ કરશે. તેથી તારી તબિયતનું ધ્યાન રાખજે. આ મેસેજ મને કોરોના થયો ત્યારે બેને કરેલો .

બીજું અમુક મેસેજની વાત કરતા, 'અનસૂયા' પર તમારું કામ પતી ગયું હશે. જે પણ કંઈ હોય જવાબ આપશો. એ વખતે કોરોના પર જે કોરોના વિષે સેવાની બેનોએ લખેલા લેખો એ મારે જુદા પાડીને આપવાના હતાં. ૨૦૧૯ થી ૨૦૨૧ સુધીનાં બધા અનસૂયા જોઇને જેમાં કોરોના વિષે લખ્યું હોય એ જુદા પાડીને બેનને પી.ડી.એફ. બનાવી આપી.

બહેનનો જવાબ: "બહેન રમીલા આભાર!"

મારો મેસેજ: "ગુરુ પૂર્ણિમાના પ્રણામ!"

બહેનના મેસેજ: "ભગવાન તારી સાથે છે. મારી વહાલી રમીલાબેન. આપના જન્મ દિવસ મુબારક. ઘણો આભાર આશીર્વાદ!"

મારા જવાબ: "આભાર બેન, રમીલા."

આમ ઈલાબેન, મારા બેન મને પોતાની ગણી અને ટૂંકો પણ જરૂર જવાબ લખે.

પૂજ્ય ઈલાબેનની શું યાદો લખું? બહેન આપણી સાથે જ છે. હું પાંચ ધોરણ ભણતી ત્યારથી બહેનની ઓળખાણ. મજૂર મહાજનમાં લત્તા ખાતું હતું. તેના દ્વારા ચાલીઓમાં પ્રોગ્રામ થતા. તો ઈલાબેન અમદાવાદનું પહેલું સ્કુટર લઈને આવતા એટલે હું બહેન ૫૧ વર્ષથી ઓળખું છું. અમારી ચાલીમાં મીટીંગો કરતાં અને બાળકોનો પ્રોગ્રામ રાખતા. એક વખત ગીતોની હરીફાઈ રાખેલી. તેમાં મેં ભાઈ-બેનનું ગીત ગાયેલું તો એ વખતે મારો પહેલો નંબર આવેલો. તો ઈલાબેનના હાથે મને પ્લાસ્ટીકની ગુલાબી કલરની છાબડી ઢાંકણાવાળી આપેલી. આજે મારી પાસે સાચવીને રાખી છે. ચાર દાયકા થયા.

હું મિલમાં જતી. અમને પગાર ઓછો મળતો. અમે મજૂર મહાજનમાં જોડાયા ત્યાં પણ પ્રતિનિધિની મીટીંગ દર મહીને થાય ત્યાં બેનને મળતી પછી બેનોને સંગઠન કરવાની વાત કરી તો મેં ૧૯૭૮માં સેવામાં પહેલી ૪૦ શ્રમજીવી ગરીબ બહેનોને જોડેલા. અને ત્યાં બહેન શિવરાત્રીના દિવસે નારણઘાટના આરે જમવાનું રાખતા. શકરિયાનો શગશગતો ગરમ શીરોને બધી બહેનોને લાઈનમાં બેસાડી બહેન પોતે પીરસતા હતાં. બહેનો પડાપડી કરે. બેન હસે.

ઈલાબેને મારું નામ અનસૂયાની લેખિકા પાડેલું. અનસૂયામાં બહેનોની વાતો કેવી રીતે લખવી, કામદાર બહેનોને મુખ્ય પ્રવાહમાં કેવી રીતે લાવવી, એ બધા મુદ્દાઓ ગરીબ, શ્રમજીવી બહેનોની વાતો સાંભળી સમજી લખવાનું એટલે હું અનસૂયામાં સારી રીતે લખી શકું છું. હમણાં મને જુના આગેવાન બહેનોની સ્ટોરી લખવાનું સોંપેલુ. તો હું ને ગોમતીબેન અને પ્રોફેસર માર્ગીબેન સાથે બહેનોના ઘરે જઈ લખી લાવ્યા એટલે કુલ છ બહેનોની સ્ટોરી લખી એમાં મારી અને જૈતુનબેનની તો બહેન ચોપડી છપાવવા આપી સેવા અકાદમીને. કહે; તારી વાત ખૂબ સમજવા જેવી છે. સૌ બેનોને સમજવા જેવી છે. વાંચવા જેવી છે.

જ્યારે મારાવર પુરુષોત્તમ સેવામાં હતાં ત્યારે બેનની મિલોની માહિતી જોઈતી હોય તો ઘરે ફોન કરે. પુરુષોત્તમને ફોન પર લખાવે મારે આ આ માહિતી જોઈએ છે તો હું ને પુરુષોત્તમ બંને સાથે બંધ મિલ કામદારો પાસેથી લખીને પછી બેનને મોકલાવીએ.

એક દિવસ બહેન કહે રમીલા, તારે ત્યાં અમરપુરાની ચાલી છે ત્યાં બાળ ઘર હતું સિલાઈ કેન્દ્ર હતું તો મારે જોવું છે. હાલ ત્યાં શું છે? ત્યાં રબારીકાકા બહેન ને ઓળખતાં. તરત બેનને બોલાવ્યા ને પૂછ્યું; બેન, તમારે કેમ આવવું પડ્યું? અહીં સિલાઈકેન્દ્ર ને બાળઘર હતું તે છે તે જોવા આવી છું. તો ગોવાભાઈ રબારી અમને ત્યાં લઇ ગયા. તો એ જગ્યાએ મ્યુનિસિપલ કોર્પોરેશનવાળા એ પાણીના બોર બનાવ્યા તે જગ્યા જોઇને જૂની વાતો યાદ કરતાં હતાં. રમીલા, અમે મિલ કામદારોની મીટીંગો અહી કરતાં હતાં. બેનો આવે. ભાઈઓ દૂરથી જૂએ. બેનો કામની વાત કરે. રોજીની વાત કરે. ઘરની વાત ઘરે કરવાની.

એક દિવસ બેનનો ફોન આવ્યો ને કહે; રમીલા, તમારા સમાજના જે પંચમાં બેસી નિર્ણય કરતાં હોય અને જૂના મિલ કામદાર હોય મારે એવા બે ભાઈઓ ને મળવું છે. તો હું રાજપુર ગોમતીપુરમાં પીતામ્બરભાઈ જલાભાઈના ઘરે લઇ ગઈ. પહેલા બેને મિલોની વાત કરી અને પછી તમારા સમાજમાં તમે ઓછા ખર્ચ થાય ને સમૂહ લગ્ન કરો તો ખર્ચ ઓછો થાય તેની વાત કરી. પણ વધારે મિલોની જૂની વાતો અને મજૂર મહાજનની અને પહેલાંના હોદેદારોની અને અનસુયાબ્હેનની એ વખતે વાતો કરેલ. બેન અનસુયાબેનને ખૂબ યાદ કરે. ૨૦૦૭માં પુરુષોત્તમ મૃત્યુ પામ્યા તો હું તો બિલકુલ ભાગી પડેલી પણ, મારી સેવાની બહેનો મને સપોર્ટ કરતાં. પછી ૧૨ દિવસ થયા પછી ઈલાબેન મળવા આવેલાં ને હું રડતી હતી તો મને સમજાવવા લાગ્યાં કે; રમીલા, તું તો બહાદુર છે. હારી નહિ જવાનું. મારે પણ રમેશ

ક્યાં છે? મારી સાથે મારો દીકરો છે, દીકરી છે એમની સાથે રાખી તેમના અધૂરા કામ પુરા કરવાના. બહુ શોક નહિ રાખવાનો અને મારા બે દીકરાને બે વહુને એક દીકરી છે તેમને સાથે રાખી પુરુષોત્તમના અધૂરા કામ પુરા કરવાના તો સૌના આત્માને શાંતિ મળે.

બહેન કેવું ઝીણું ઝીણું જોવે હું બે મહિના ઘરે રહી ને આવી પછી હું ચાંદલો નહોતી કરતી. એક બે મીટીંગોમાં મને ચાંદલા વગર જોઈ હશે. એટલે પછી મીટીંગમાં આવ્યા ને મને બેને બોલાવી કહે; રમીલા, તું ચાંદલો કેમ નથી કરતી? તારી સમાજની બીક લાગે છે? ઘરમાં દેરાણી-જેઠાણી બોલે છે? જો એવું હોય તો હું તારા ઘરે મળવા આવું. મેં કહ્યું; ના બહેન, હવે હું ચાંદલો કરીને આવીશ. એટલે હવે રોજ બેનને યાદ કરી ચાંદલો કરીને જ આવું છું. મને કહે, હું ચાંદલો કરું છું ને તો તારે પણ કરવાનો.

બહેનના સ્મરણોનો તો કોઈ પાર નથી. મારા જેવી લાખો બહેનોના ઉધ્ધાર કર્યા છે. જેનો કોઈ હાથ પકડે નહિ એવા બહેનોના જીવન બેને બદલી નાંખ્યા. રોજગાર મળ્યો. રોટી મળી. પાણી મળ્યું. બચત થઈ. સંગઠન બન્યું. પોતાના ઘર બનાવ્યા. જે સ્કુલ કે કોલેજમાં ભણવા ના મળે એવું સેવામાં બધા બહેનોને શીખવા મળે. બેનો છોકરીઓને ભણાવતા થયા. અને મારી વાત કરું તો હું તો સેવામાં દરેક વિષય શીખી અને અમારા જેવી બેનોને કામ માટે વિમાન બેસાડ્યાં અને દિલ્લી અને પરદેશ લઈ ગયા. કહે તમારું કામ તમારે જવું પડે. અમારા જેવા બહેનોની તાકાત ક્યાં હતી? હોય? આ તાકાત મારા ઈલાબેને આપી. આખી દુનિયામાં મારા ઈલાબેન અમર છે અને અમારી સાથે જ છે. અમે દરેક બેન ઈલાબેન છીએ. આપણે બધા બહેનો ભેગા થઇ ને બેને કહેલું ૧૦૦ સાલ હોકે રહેંગે. તો બીજા પચાસ વર્ષ આપણે સેવાને સંગઠીત અને સફળ તાથી પુરા કરવાના.

"હમ સબ એક હૈ...." "જય સેવા...."

**- રમીલા પરમાર**

□

## ગાંધીયન : છેલ્લા કે પહેલા?

આટલી બધી ગાંધીજીની સ્થાપેલી અમદાવાદની સંસ્થાઓ ભેગી મળી તે જોઈને ઈલાબેનને આનંદ થાય જ. શ્રધ્ધાંજલી સભા તો શ્રધ્ધાંજલી સભા: ભેગા મળવું જરૂરી છે.

સાબરમતી હરિજન આશ્રમ ટ્રસ્ટ, ગુજરાત હરિજન સેવક સંઘ, ખાદી ગ્રામોદ્યોગ પ્રયોગ સમિતિ, ગૂજરાત વિદ્યાપીઠ, નવજીવન ટ્રસ્ટ, સાબરમતી આશ્રમ ગૌશાળા ટ્રસ્ટ, ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ મંડળ, આશ્રમવાસી પરિવાર, અને મજૂર મહાજન સંઘ. દરેક Federation સંસ્થાઓ છે. આની પાછળ આશ્રમ શાળાઓ છે, વિવિધ કેન્દ્રો છે. દરેકના નામ નથી લીધાં પણ કાગળ અને સંદેશાઓ આવ્યા છે તે બધાનો હું ખાસ આભાર માનું છું .

ઈલાબેનનો અને સેવાનો ગાંધી વિચારમાંથી પ્રવેશ નથી થયો પણ તે આચરણમાંથી થયો છે. ગાંધીજીના નામથી નહીં પણ કામથી આકર્ષાયા! એટલે તમે જો ગરીબો અને બેનોનું કામ કરો તો તમે ગાંધી વિચારો સુધી પહોંચી જ જાવ અને એના જ કારણે બેનની શ્રદ્ધા ગાંધી વિચારમાં વધતી ગઈ અને સેવાની શ્રદ્ધા પણ ગાંધી વિચારમાં વરસો વરસ વધતી ગઈ છે.

સાબરમતી આશ્રમની સ્થાપના આઝાદી માટે થઈ હતી ને તે રાજકીય આઝાદી મળી. દૂસરી આઝાદી, એટલે ગરીબીમાંથી આઝાદી, તો હજુ પણ બાકી જ છે અને તે રીતે ગાંધીજીનું આશ્રમમાં જે આદરેલું કામ હતું તે બેન થકી થયું અને હવે સેવા પૂરું કરવાનો નમ્ર પ્રયત્ન કરે છે.

ગાંધી વિચારમાં જે અમારો અનુભવ બેને મુક્યો તો તે એ છે કે, એકતા વગર સત્ય અને અહિંસા અધૂરા છે. આપણે બધી સંસ્થાઓ એકતા રાખીએ તે બેનને અગત્યનું લાગતું હતું. વધુમાં હિંદુ-મુસ્લિમોની, કોમી એકતા, ન્યાતજાતથી ઉપર લઈ જતી એકતા બહુ અગત્યની લાગતી હતી. દરેક પ્રાંત અને ભાષાની વિવિધતા આવી એકતા માટે બેનને માટે અગત્યની હતી.

ઈશ્વરને પામવા ગાંધીજીએ સત્યનારાયણની ઉપાસનાની વાત કરેલી. સત્ય વગર ઈશ્વરની નજીક નથી પહોંચાતું. અલ્લા હોય કે જીસસ ક્રાઇસ્ટ હોય. બેને અમને શીખવ્યું છે કે મહેનત વગર, મજુરી વગર, કર્મ વગર ઈશ્વર પાસે પહોંચાતું નથી. જાત મહેનત કરવી, પ્રામાણિક રીતે રોજી રળવી તે ઈશ્વર અને અલ્લાહની જ પ્રાર્થના છે તે બેને અમને બતાવ્યું. અમે નજરે જોયું છે.

ઘણા બધા પ્રકાશનોમાં લોકોએ બેનને લાસ્ટ ગાંધીયન કહ્યાં છે અને સાચી ભાવનાથી કહ્યાં છે અને તે કહેવાય કે નહીં કે અમારા કરતાં જે લોકોએ લખ્યું તેમને બધું ખબર છે. પરંતુ, અમને બેનો તરીકે અને શ્રમિકો તરીકે એ જરૂર લાગે છે કે બેન ગાંધી વિચારને વિવિધ આચરણમાં મુકનારા પહેલામાંના એક છે. ગાંધી વિચારને વ્યાપક અને સમગ્ર બનાવી કેટલાં બધાં યુનિયનો, બેંકો, સહકારી મંડળીઓ, વિમા મંડળી, અકાદમી, સંશોધન નેટવર્ક, રૂરલ રીટેઈલ, દુકાનો, સ્વાસ્થ્ય કેન્દ્રો, બાલ સંભાળ, કારીગરના કારખાના, વગેરે અઢીસોથી વધુ ગરીબોના પોતાના Structures રચનારામાં આગળ પડતા હતા. આમ ગાંધીજી પછી પણ ગાંધીવિચાર પર ચાલતી કેટલી બધી સંસ્થાઓ રચી અને ચલાવી અને આગળ ચાલે તેમ તૈયાર કરી બેન મુકી ગયા છે.

તમે સૌ સેવાની સાથે છો તે જોઈ ધરપત લાગે છે. ગાંધી વિચારની સાચવણી તો ખરી પરંતુ ફેલાવા માટે, અમલ માટે હજુ કેટલું બધું કામ કરવાનું અમારે સેવાને બાકી છે. આ કામમાં બેન અમારી સાથે જ છે, ગરીબ બહેનો અમારી સાથે છે, મજૂર બહેનો અમારી સાથે છે. બેન અમારી સાથે છે.

**– મનાલી, ગાંધી આશ્રમની શ્રધ્ધાંજલી સભામાં**

**( તા. ૨૩ - ૧૧ - ૨૦૨૨ )**

□

## ‘ઈલાબેન અને સ્ત્રી શક્તિ’

નમસ્કાર,

હું હૃદયપૂર્વક દિલગીર છું કે અકથ્ય કારણોસર હું તમારી સાથે લાંબા સમયથી સમ્પર્કમાં રહી શક્યો નથી. ગયા અઠવાડિયે સન્માનીય ઈલાબેનની ચિરવિદાય અંગે સાંભળ્યું ત્યારે પ્રથમ માની જ ના શક્યો અને હૃદય એક બોજ તળે આવી ગયું. મારી મનોદ્રષ્ટિમાં ફરી એકવાર જુન, ૧૯૯૬માં ILC જીનીવાથી શરુ થયેલાં, બે દાયકાથી પણ વધુ લાંબા એવા તેમની સાથેના દીર્ઘજીવી સંબધોના પ્રસંગો ચમકી ગયા. મને કોવીડ-૧૯નુ નિદાન થયું છે અને ૨૧ ઓકટોબર, ૨૦૨૨ થી મારી ચિકિત્સા ચાલે છે. હું હજી માંદગીમાંથી ઊભો નથી થયો અને ખૂબ નબળાઈ અનુભવું છું, જેના કારણે સુસ્તી અને પ્રાણિક શક્તિમાં ઘટાડો અનુભવું છું (મારી આંતરિક જીવનતંત્રોને ભારે નુકશાન પહોંચ્યું છે) પરંતુ મારી માંદગી અને નબળાઈની અનુભૂતિ છતાં હિંમત અને શક્તિ એકઠાં કરીને ઈલાબેનના માનમાં “ઈલાબહેન અને સ્ત્રી શક્તિ” એ શિર્ષક હેઠળ એક અવસાન નોંધ લખી શક્યો છું. આ સાથે તેની નકલ બીડું છું. જે મારા જેવા એક અદનાની એક મહાન વ્યક્તિને આપેલી નાચીજ અંજલિ છે. તેને હિન્દી અને ગુજરાતી એમ બંનેમાં ભાષાંતર કરાવી બને તેટલા લોકો સુધી પહોંચાડવા આંતરરાષ્ટ્રીય દૈનિકોમાં તે પ્રકાશિત કરવા યોગ્ય છે.

ઉષ્માસભર અને અંગત સદભાવ સાથે,

**– ડૉ.લક્ષ્મીધર મિશ્રા, આઈ.એ.એસ.(રીટા.), ફોર્મર યુનિયન લેબર સેક્રેટરી**

□

## ગરીબી સમાહીન છે !

ગરીબીને ત્યાં સુધી નાબૂદ કરી નથી જ્યાં સુધી ગરીબો પાસે પોતાના જીવનના મહત્વના નિર્ણયો લેવાની સત્તા નહી હોય.

પશ્ચિમ બંગાળના આવેલા ફુલીયા અને લાલગોલા બ્લોકમાં, ઈલાબહેનના સ્મરણમાં એક આપોઆપ પ્રાર્થના સભાનું આયોજન થઈ ગયું હતુ. તેમને શ્રદ્ધાંજલિ આપવા આગેવાનો, સભ્યો અને સંગઠકો ઉપસ્થિત હતા. ઉપસ્થિત ‘સેવા’ ‘બંગાળ’ અસંગઠિતક્ષેત્રમાં બેનોની જિંદગીમાં અસરકારક બદલાવ લાવવા પાછળ ઈલાબહેનના યોગદાન વિષે વાત કરી. વિડીયો દ્વારા ‘સેવા’ જુંબેશની માહિતી પણ આપવામાં આવી. ઘણા આગેવાનો એ ઈલાબહેનને વ્યક્તિગત રીતે મળવાની ઇચ્છા રહી હતી, ત્યારે ઘણાં બીજા આગેવાનો જે બેનોને ‘સેવા’ના ૫૦ વર્ષની ઉજવણી વખતે મળ્યા હતા તેના અનુભવો રજૂ કર્યા હતા. પ્રાર્થના સભાના અંતમાં બધા ઉપસ્થિતે પ્રણ લીધું કે, સાથે મળીને ‘સેવા ચળવળને’ આગળ વધારશે.

લાલગોલાના આગેવાન નિલીમાબહેન, ઈલાબહેન સાથેનો કામના અનુભવ જે એમને 'સેવા'ના ૫૦ વર્ષની ઉજવણી પર થયો અને બેનોના વિચારોથી પ્રેરીત થઇ એમને કહ્યું કે ''હું 'બેન'ના વિચારો સાંભળ્યા બાદ હું એટલી પ્રેરીત થઇ છું કે, એક આગેવાન તરીકે 'સેવા'ની દૂરદર્શિતા અને આપણા સમાજની બેનોના વિકાસનું કામ હું જ આગળ વધારીશ.''

અંજનાબહેન બીડી કામદરે જણાવ્યું કે, ''ભલે ઈલાબહેનને અમે વ્યક્તિગત રીતે ના મળ્યા હોય પણ, 'સેવા'નો એક અંગ હોવાના કારણે અને અસંગઠિતક્ષેત્રની કામદર બેનો માટે જે જૂંબેશ ચલાવી છે તેને કારણે અને એક જૂથ થઇને ધર્મ, જાતિ અને ભેદભાવોથી પર રહીને બેનોના હક માટે અને એકતા માટે અને તેમના અસ્તિત્વ માટે ચળવળ આગળ વધારીશું.''

જયાબહેન કહે, ''ઈલાબહેન એ સાચા અર્થમાં દૂરદર્શિ અને અગ્રણી જુંબેશ ચલાવવાનું કામ હાથે લીધું હતું. ઈલાબહેન પાસે ઘણી પદ્વીઓ તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ ધરાવનાર છે. તે છતાં તેમનો સ્વભાવ ખૂબ નમ્ર હોવા સાથે એમનું જીવન ખૂબ સરળ અને ગાંધીવાદી મૂલ્યોથી અલંકૃત હતું.''

અજયભાઇ પ્રમાણે, ''બેનના શીખામણના શબ્દો અને સરળતાથી બધાને એટલા પ્રેરીત કરે છે જેના કારણે બેનોને સરળતાથી સમજી અને એમના સાથે જોડાઇ શકાય છે. ફિલ્ડમાં જ્યારે જતાં એ વખતે. ઈલાબેનના શબ્દો કાનમાં ગુંજતાં.''

પ્રાર્થના સભાના અંતમાં 'સેવા'ના કાર્યોને સંક્ષેપમા દર્શાવતા કહ્યું કે, અસંગઠિતક્ષેત્રમાં કામ કરતી બેનો માટે 'સેવા' એ સંસ્થાન બાંધ્યા છે. અમને એક જૂથ બનાવી અને સામૂહિક અવાજ ઉઠાવી સક્ષમ કર્યા અને પ્રદેશમાં સાંપ્રદાયિક સંવાદિતા જાળવવામાં પૂરતું યોગદાન આપ્યું.

બેનોને એક જૂથ કરી, તેમને રોજગાર મેળવવા સક્ષમ કરી અને આત્મનિર્ભર કરવાની 'સેવા'ની આ ચળવળને આગળ વધારવા 'સેવા' પશ્ચિમ બંગાળ સતત 'સેવા' સાથે આગળ વધશે તે જ ઈલાબેનને અંજલિ છે.

**– મોમીતા, 'સેવા' બંગાળ**

□

## સેવા વિષે ઈલાબેન

લેબર ઓફ લવ, એટલે પોતાનું માની કરેલું કામ ક્યારેય નકામું જતું નથી. પછી તે અંગત હોય કે પારિવારિક હોય કે સમાજ માટે હોય. કામમાં પરોવાયા એટલે વહેલું મોડું તે પાર પડે જ.

**– ઈલાબેન, આઈ.એલ.ઓ.ની વિશ્વ સભામાં, ૨૦૧૮.**

□

સેવા કરવાની છે, કરાવવાની નથી. સેવાએ બહેનોને સંગઠીત કરવાની છે. કામદાર-કામદાર વચ્ચે સહકાર અને સમભાવ વધારવાનો છે. સેવા સંકુચિત થશે તો તે 'સેવા' નહીં રહે. તો જ સેવા ટકશે જો એ સહુ બહેનોને સાથે રાખશે, સખીભાવ વધારશે, ટકાવશે, પેટાવશે.

**– ઈલાબેન, શ્રીલંકાની સેવાની સભ્ય યુદ્ધથી વિધવા બહેનોને, ૨૦૨૨.**

□

સેવાની દરેક બહેનની ઓળખ ટકાવીને એકતા લાવવાની છે. દરેક ધંધાની ઓળખ ટકાવી રાખવાની છે. દરેક સ્થળ, બજાર, વિસ્તારની ઓળખ ટકાવી રાખવાની છે. વાણી અને વિચારોની વિવિધતા બહેને બહેને ટકાવવાની છે અને તેના વતી, તેના થકી, જ એકતામાં સમત્વ પામવાનું છે, સંગઠનમાં સમત્વ પામવાનું છે, દૂસરી આઝાદીનું સમત્વ પામવાનું છે.

**– ઈલાબેન, લદ્દાખની ઘરખાતા સેવાના સભ્યોને, ૨૦૨૨.**

□

બહેનો, તમને સેવા ગમે કારણ કે, તે તમારી છે. રખે માનતા કે મનાવતા કે તે શ્રેષ્ઠ છે. બીજી ઘણી નવી અને હયાત બહેનો અને કામદારોની સંસ્થા શ્રેષ્ઠ છે, હોઈ શકે. સેવા ગમે છે કારણ કે, તે આપણી છે. પોતાની છે. સાથે રચેલી છે. આપણને પોષે છે. સાચવે છે. આદર સૌ સંસ્થાઓનો કરો પણ પ્રેમ તો પોતીકી સેવાને જ સ્વાભાવિક રીતે આવશે. સેવાના માટે પ્રેમ નહીં હોય તો, બીજી સંસ્થાઓ માટે

આદર આવવો અઘરો છે. સેવા સભ્ય બહેનોને સહજ છે. સેવા કામદારોને સ્વાભાવિક છે. અને તેમ રહેવું જોઈએ.

**– ઈલાબેન, નેપાળની બહેનોને મુલાકાતમાં, ૨૦૨૨.**

□

સેવામાં જે ગરીબી નિવારણનો અંશ છે, આવડત છે, તે સૌ ગરીબ બહેનોની સહિયારી છે. અમૂલ્ય વારસો છે. સેવામાં અને સેવા થકી દરેક સભ્ય બહેન અલગ અલગ રીતે ગરીબીમાંથી બહાર આવે. પોતાની મેળે આવે, પોતાની ઝડપે આવે, પોતાની જગ્યાએ આવે, પરંતુ અંતે તે પોતાનું તો દરેક બહેનનું છે, સેવાનું છે, દરેક ગરીબનું છે. જો ગરીબ કામદાર બહેનને બીજી કામદાર બહેનો ના દેખાય, તેમની મહેનત ન દેખાય, તેમના દુઃખ ના દેખાય તો તે બહેન દુસરી આઝાદી પામશે પરંતુ અપૂર્ણ. સંપૂર્ણ તો ત્યારે થાય જ્યારે પોતાની સાથે બીજાને જોઈ શકીએ અને પરિપૂર્ણ તો ત્યારે જ થાય જ્યારે પોતાને બીજામાં અને બીજાને પોતાનામાં સમાવી, અનુબંધ કરી, દૂસરી આઝાદી તરફ મથીએ.

**– ઈલાબેન, સેવાના સભ્યોની ત્રીજી પેઢીની રાધનપુરની હરખીબેનને સંબોધતા, ૨૦૨૨.**

□

સેવામાં સૌ સભ્ય બહેનોએ એક માનવી અને સૌના કામ માટે આદર રાખવો. અન્યાય સામે થવું પરંતુ સહનશીલતાથી, વિશ્વાસથી, આશાથી, અને ધીરજથી. માટે જ સેવાની દરેક બહેન ઉત્તમ સભ્ય બને, ઉત્તમ કામદાર બહેન બને, તો જ ઉત્તમ સેવા બને. ઉત્તમ સેવાથી સભ્યો ઉત્તમ ન બને. માટે જ સેવાને સત્તા સાથે ન જોડવી. સેવા કર્મનો વિષય છે. કર્મના ચિંતનનો, આચરણનો, જ્ઞાનનો, તપનો, અને બહેનોની અનુભૂતિનો. સત્તા સાથે કામ કરવું, કામ પાડવું, કામ કેળવવું, પરંતુ સત્તા માટે સેવા નથી. જ્યારે સેવાની સૌ બેનો એકધ્યાન થશે ત્યારે સેવા આગળ વધી છે. સુદૃઢ થઈ છે.

**– ઈલાબેન, દૂસરી આઝાદી પર બોલતા.**

□

સાદગીમાં સુંદરતા છે તે અનન્ય છે તે સેવાએ સાચવવાની છે. નિષ્પ્રાણ સાદગી નહીં પરંતુ ઉમળકાભરી સાદગી. વિચારોની અને આચારોની, આપલેની, શ્રમની અને આવકની, સંસ્થા અને ચળવળની, ઉત્પાદન અને વપરાશની, કલ્પના અને વાસ્તવિકતાની સાદગી. આવી સાદગી કાવાદાવા, કલેશ, અરે કાપાકાપીથી બચાવે છે. વિચારીને આચરેલી સાદગી. જરૂરિયાત પુરતી સાદગી સેવાને આગળ જવા મદદરૂપ છે.

**- ઈલાબેન, મેનેજરની સ્કૂલને સંબોધતા, ૨૦૨૧.**

□

જે લાખો બહેનો રોજેરોજ ડિઝાઈન કરે છે – કાપડના ઉત્પાદનમાં, શાકભાજીના વેચાણમાં, ફટાકડાની ગોઠવણીમાં – તેને આપણે ડિઝાઈન નથી ગણતાં અને તેમને આપણે ડિઝાઈનર નથી ગણતાં અને પછી ડિઝાઈનરો તૈયાર કરીએ છીએ અને ડિઝાઈન તૈયાર કરીએ છીએ જેનું કામ અને વસ્તુઓનું ઉત્પાદન નથી થતું, વેચાણ નથી થતું કે વપરાશ નથી થતો. લાખો લોકોની લાખો પેદાશો માટેની રોજીંદી ડિઝાઈનને આપણે કેમ ડિઝાઈન નથી કહેતાં કે માનતા?

**- ઈલાબેન, પૌત્ર સોમનાથને, ૨૦૨૨.**

□

સેવામાં મત પવિત્ર કહીએ છીએ અને ચૂંટણી વખતે પવિત્ર મત માંગવા ઉમેદવારો ઘરઘર ફરે છે પરંતુ બહેનોનો મતનો મત છે. મતમાંથી મતલબી થઈ જવાય. મતમતાંતરમાં સહેજે પહોંચી જવાય. મતને તો સેવામાં પવિત્ર બનાવવો પડે છે બહેનો. વિચારથી. વિવેકથી. વિનમ્રતાથી. પારકી બહેનની પીડાને પોતાની જરૂરિયાતથી આગળ મૂકીને. સંગઠનને પોષક બનાવીને. આવો પવિત્ર બનાવેલો મત દાનમાં આપી શકાય. અને તે દાન પણ બદલાની કે વિકાસની કે વસ્તુઓની લાલચે નહીં પરંતુ યોગ્ય પાત્રને યોગ્ય પ્રતિનિધિત્વ કરવા માટે. બહેનો સેવામાં આપણા મતને પવિત્ર કરવાનો છે.

**- ઈલાબેન, સેવાની કારોબારીની ચૂંટણી પહેલાં.**

□

# ફોટો ગેલેરી



'સેવા' મજબૂતીનો પાયો નાંખનાર કારોબારી સાથીદારો સાથે ઇલાબેન



એરીયા મિટીંગમાં શ્રમજીવીઓના મુદ્દાઓ ધ્યાનથી સાંભળતા...




'સેવા'ની ધંધાસમિતિ..




સંમેલનને સંબોધતા...



પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામજી સાથે ટેકનોલૉજીની મથામણમાં...



લેહલડાખની બેનો સાથે.. "હમ હોંગે કામિયાબ"...



કિતને સુંદર હૈ હમ...




રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયાના ડેપ્યુટી ગવર્નર સાથે સેવાબેંકની શાખાના ઉદ્‌ઘાટન પ્રસંગે



દલાઇ લામા સાથે ઇલાબેન



કળાના કદરદાન...



મીઠો સંતોષ



હિલેરીબેનની 'સેવા'ની મુલાકાત સમયે




દુષ્કાળ આફત સમયે અટલજી સાથે...




ઘરખાતા આંતરરાષ્ટ્રીય કન્વેન્શન લઈને આવેલાં 'બેન'નું એરપોર્ટ પર સ્વાગત...



સભ્યો સાથે એકાકાર



'મીઠ્ઠા' બેન



જુના કપડાંના આગેવાન ચંદ્રાબેન જાગરિયા સાથે




'સેવા ઉન્નત બજાર'ની વાર્ષિક સાધારણ સભામાં




'મત્સ્યગંધા' મંડળી



આરોગ્ય કેન્દ્રના ઉદ્‌ઘાટન પ્રસંગે




ભૂતાનના રાણી સાથે



બાળકો સાથે




પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંગજી સેવાબેંકની મુલાકાતે




વેચનારાનું સંમેલનઃ નીરૂબહેન - રેનાનાબહેન સાથીઓ સાથે




પૂર્વ શ્રમમંત્રી શ્રી સાહિબસિંગ વર્માને અસંગઠીતક્ષેત્રના પ્રશ્નો સમજાવતાં




શારદા મુખર્જી જોડે




મુખ્યમંત્રી અમરસિંહભાઈ ચૌધરી સાથે કાગળ વીણનાર શ્રમજીવીઓના સંમેલનમાં



સ્વાગત સ્વીકારતાં



RAJYA SABHA

LIST OF BUSINESS

Friday, August 5, 1988

11 A.M.

QUESTIONS

QUESTIONS entered in separate lists to be asked and answers given.

PRIVATE MEMBERS' BUSINESS (RESOLUTIONS)

1. SHRIMATI ELA RAMESH BHATT to move the following Resolution:—

"Having regard to the fact—

(i) that in the fast growing urban sector there is proliferation of hawkers and vendors in the cities because of poverty and unemployment and despite the useful service they rended to the society, they are looked upon as an hindrance to planned development of cities both by the elite urbanites and the town planners alike;

(ii) that hawkers and vendors are subjected to constant mental torture by the local officials and are harassed in many other ways which at times leads to riotous situations; and

(iii) that there is hardly any policy consistent with their needs;

this House urges upon Government to—

(i) formulate a national policy for the hawkers and vendors by making them a part of the broader structural policies aimed at improving their standards of living;

(ii) protect their existing livelihood;

(iii) provide legal access to the use of available space in urban areas;

(iv) make them a special component of the plans for the urban development, by treating them as an integral part of urban distribution system;

(v) give them legal status by issuing licences and providing exclusive hawking zones; and

(vi) issue guidelines for action at local levels."

2. SHRI ASHIS SEN to move the following Resolution:—

"That this House urges upon Government to make the 'Right to Work' as a Fundamental Right by effecting necessary amendment in the Constitution."

46

૫ ઑગસ્ટ ૧૯૮૮માં વેચનાર માટે રાજ્યસભામાં પ્રાયવેટ મેમ્બર બિલની રજૂઆત



સ્ટ્રીટ વેન્ડર્સ (પ્રોટેક્શન ઓફ લાઇવલીહૂડ એન્ડ રેગ્યુલેશન) ઓફ સ્ટ્રીટ વેન્ડિંગ એક્ટ ૨૦૧૪




સ્ટ્રીટ વેન્ડર્સ (પ્રોટેક્શન ઓફ લાઇવલીહૂડ એન્ડ રેગ્યુલેશન) ઓફ સ્ટ્રીટ વેન્ડિંગ એક્ટની ખુશાલી



'સેવા'ની અડધી સદીની ઉજવણીની શરૂઆત દિપ પ્રાગટયથી



'સેવા' ૫૦ વર્ષની ઉજવણીનો આનંદ પીતા




"હમ સબ એક હૈ"



૫૦ વર્ષની ઉજવણી પ્રસંગે 'બેન' સાથે 'સેવા' ના પ્રધાનમંત્રી



૫૦ વર્ષની ઉજવણી પ્રસંગે પ્રતિનિધિઓને ઇલાબહેનનું સંબોધન




જુસ્સાવાળો મિજાજ

## “हमारी इला बेन, हमारे बीच है, थी और सदैव के लिए रहेंगी| हम सेवा की बहने इला बेन के मूल्यों, पर कायम रहकर इला बेन को अमर रखेंगे|”

ऐसा नाम जो सारी दुनिया में मशहूर है, और यह मेरी खुशनसीबी है की मैं इस नाम से जुडी हूँ यानी की इला बेन की सेवा! पुरानी यादें है इला बेन के साथ| इला बेन के साथ मेरी पहली मुलाकात गुजरात के अहमदाबाद शहर में साबरमती आश्रम में हुयी| 80 के दशक में उनसे हुयी मेरी पहली मुलाकात काफी रोचक थी|

आज से लगभग ३९ साल पहले मैं लिटरेसी हाउस, लखनऊ के यूनिसेफ एक प्रोजेक्ट पर काम कर रही थी, तभी अचानक पता चला की अहमदाबाद में एक ट्रेनिंग कम वर्कशॉप का आयोजन किया गया है और उसमे मेरे किसी सीनियर को शिरकत करनी थी| शायद मेरी किस्मत अच्छी थी की जिन सीनियर बहन को अहमदाबाद जाना था वो किसी कारण वश गुजरात नहीं जा सकी और मैं अपना नाम इस ट्रेनिंग कम वर्कशॉप में जाने के लिए दे सकी| मुझे आज भी याद है वह दौर १९८२ के आस पास का था और गुजरात जाने के लिए केवल साबरमती नाम की ही एक पैसेंजर ट्रेन जो लखनऊ से चलती थी और हर रेलवे स्टेशन पर रूकती थी| खैर, उसमे मेरा टिकेट स्लीपर कोच में बुक किया गया और मैं लगभग तीन दिन की यात्रा करके गुजरात पहुंची| हम सभी लोगो के रुकने और ट्रेनिंग का सारा बंदोबस्त साबरमती आश्रम में ही किया गया था| मैं अकेले ही लखनऊ से अहमदबाद आई थी, और अकेले मेरी जिन्दगी का पहला सफ़र था, साबरमती आश्रम में पहुचने के बाद अलग अलग राज्य की उभरती हुयी सेवा की बहने आई हुयी थी जैसे – जमशेदपुर, मुंगेर, भागलपुर, मिथिला, अम्बाला, कश्मीर, भोपाल, और उत्तर प्रदेश से मैं पहुंची| ट्रेनिंग कम वर्कशॉप में सभी आई हुयी बहनों ने परिचय सत्र में अपना परिचय दे रही थी बहने तभी मेरी बारी आई परिचय देने की, जब इला बेन को यह पता चला की उत्तर प्रदेश से मैं अकेली आई हु तब उन्होंने बहुत मधुर और मंद मुस्कान के साथ कहाँ की आप बहुत बहादुर है, इस प्रकार मैं इला बेन से पहली बार मिली| इला बेन ने मुझको आशीर्वाद दिया कहा की मैं ऐसा समझती हु की आप सेवा को अपने राज्य में बहुत आगे ले जाएँगी| उनके गले लगाने के उस व्यवहार में इतना अपनापन था जिसको मैं आज भी भूल नहीं पाई| मुझे आज भी यह नहीं लग रहा ही 40 साल पुरानी बात लिख रहे है| इला बेन के व्यतित्व में इतना आकर्षण, सादगी और सरलता थी जिसको मैं अपने लफ्जो में बयाँ नहीं कर सकती| सेवा की बहनों के साथ रहना मेरे लिए एक अनोखा तजुर्बा था| भाषा तथा संस्कृति मेरे लिए नयी थी इसलिए हर मायने में यह बहुत ख़ास बन गया था| अपने लिट्रेसी हाउस वापस आकर मेरा नजरिया बदल चुका था और उस समय मैंने लिट्रेसी हाउस के निदेशक श्री एस सिंह (रिटायर्ड IAS) जी को ट्रेनिंग कम वर्कशॉप रिपोर्ट दी और उस रिपोर्ट में प्रस्ताव किया की जिस प्रकार से सेवा गुजरात में कामगार महिलाओ का संगठन बना है उसी तरह का संगठन हमारे राज्य की बहनों के लिए हो|

उसके बाद जिन्दगी के लिए मेरा नजरिया बदला और लगा की उत्तर प्रदेश की बहनों के लिए सेवा की सोच के साथ ही कुछ आगे करना है| कुछ समय बाद उत्तर प्रदेश में सेवा की बुनियाद रखी गयी, इला बेन ने गाँधी विचारधारा को समाज की अति पिछड़ी और निरक्षर और साक्षर बहनों तक बहुत सरलता से पहुँचाया| आज वर्तमान में जब हम सेवा में 20 लाख बहनों की बात करते है वो 20 लाख बहने नहीं बल्कि वो करोडो बहने है जो पूरी दुनिया में फैली है जिनको सेवा से जुड़कर अहिंसक संघर्ष, और रचनातमक प्रयासों द्वारा रोजगार प्राप्त हो रहा है और इला बेन का पूर्ण रोजगार का विचार आज हमारी 20 लाख कामगार बहनों जोड़े हुए है|

बहने खुद को पीछे क्यों रखे अपने काम से हमको अपनी पहचान बनानी चाहिए ये सीख मिली| जहाँ कोई जात पात नहीं, कोई छुआछूत नहीं, जहाँ सब बराबर है और बहनों का काम उनका वास्तविक धर्म और उनका कार्यस्थल ही उनकी वास्तविक जाति है के साथ संगठन की मजबूती का आधार बना था और इसी आधार पर सेवा आज 20 लाख बहनों के साथ खडा है और आने वाले १०० साल में इसी आधार पर १०० लाख बहनों के साथ खड़ा होगा| यही कारण है की आज भी हम अपने दैनिक कार्यो की शुरुआत सर्वधर्म प्रार्थना के साथ करते है| इस प्रकार हमारी संगठन की मजबूती और इला बेन के विचारो और सोच के चलते ही हमारी बहने आत्मनिर्भर तो है ही साथ ही साथ कई तरह के कार्यो का संचालन करके परस्पर एक दुसरे का सहयोग दे रही है|

आने वाले समय में सेवा मूल्यों जिन पर हमारी इला बेन ने बार बार जोर दिया उन पर हमको मजबूती से काम करना है तथा उन मूल्यों को अपनी बहनों तक पहुंचाना है| सच्चाई, इमानदारी से सेवा की कड़ी को जोड़े रखना है, सच्चाई मतलब पारदर्शिता, हक़ के लिए लडाई में सच्चाई, जिम्मेदारी में सच्चाई, सेवा की बहनों के साथ प्रतिबध्ता, और अहिंसा का तात्पर्य की किसी भी प्रकार की मारामारी नहीं करना, सर्वधर्म अर्थात हमारा धंधा ही धर्म है, धर्म के रास्ते पर चलते हुए कर्म को जारी रखना, दुसरे सभी धर्मो का आदर करना| हमारी सुन्दरता यही है की हमारे साथ सभी धर्मो की बहनों जुडी हुयी है जो कि सेवा की प्रार्थना को अपने हर जिले, हर केंद्र में जारी रखना है|

हमको अपने काम में सादगी, पहनावे में सादगी और बातचीत में सादगी और शालीनता इस पर जोर देना है| संगठन में शक्ति तब ही आयेगी जब हम अपने मूल्यों पर कायम रहेंगे| इला बेन के पूर्ण स्वराज्य और स्वच्छ आकाश के सपने को तब ही साकार कर पाएंगे जब इला बेन द्वारा बहनों के लिए १०० मील का जो विचार दिया उसको अपने सेवा और कार्यशैली में अपनाएंगे|

इला बेन का जो विचारधारा था, स्वरोजगार महिलाओ को संगठित करना और उनके अधिकारों के लिए लडाई करना था, तथा स्वदेशी उत्पादों को प्रोत्साहन देना इला बेन ने १०० मील का जो विचार सभी सदस्यों को दिया उसको हम अपने राज्य में अंतत तक लेकर जायेंगे| इला बेन से जो ताकत हमको उनसे विरासत में मिली – नाइंसाफी के खिलाफ जंग लड़ने की, अपने अधिकार हासिल करने के लिए सच्चाई और अहिंसा के रास्ते पर चलते हुए आन्दोलन करने की वही ताकत अब गाव गाव सब कामगार बहनों को देनी है| इला बेन की गांधीवादी विचारधारा हम बहनों के लिए हमेशा प्रासंगिक रहेगी| इला बेन ने गरीब और जरूरतमंद लोगो के लिए रोटी, कपडा और मकान जैसी मुलभुत जैसी सुविधाओ के लिए बहनों के लिए जो संघर्ष और आन्दोलन शुरू किया था हम उसी जोश के साथ उसको जारी रखने में प्रयतनशील रहेंगे| इला बेन ने कभी भी कामयाबी के परिप्रेक्षय में नहीं सोची और कभी भी विफलता के बारे में नहीं सोचा| उन्होंने इसी बात पर ध्यान दिया की वो जिस रस्ते पर चल रही है उसमे कामयाबी तो मिलेगी भले ही देर से| हम अपनी बहनों के साथउनके के इस विचार को आगे लेकर जायेंगे और उनके बताये मार्ग पर चलते जायेंगे भले कामयाबी देर से मिले|

**- फरीदा जेलिस, प्रधानमंत्री,**
**सेवा उतरप्रदेश**

□

## સાચું સોનું તો મારી સેવા રે...

સાચું સોનું તો મારી સેવા રે... મારા ઈલાબેન અમારી સાથે છે...
અમારા ઈલાબેને ચાર વેદ સમજાવ્યા... ચારો વેદો સમજાવ્યા રે...
પહેલા વેદે અમે મજૂર હતાં... મજૂરમાંથી કારીગર બનાવ્યા રે...
મારા ઈલાબેન અમારી સાથે છે... સાચું સોનું મારી સેવા રે...
બીજા વેદે બચત સમજાવી... બીજા વેદે બચત સમજાવી...
એક એક રૂપિયો બચાવો રે...
મારા ઈલાબેન અમારી સાથે છે... સાચું સોનું મારી સેવા રે...
ત્રીજા વેદે કોન્ટ્રાકટર બનાવ્યા... કોન્ટ્રાકટર બની આગળ વધાર્યા રે...
મારા ઈલાબેન અમારી સાથે છે... સાચું સોનું મારી સેવા રે...
ચોથા વેદે વિદેશો બતાવ્યા રે... વિમાનમાં બેસાડ્યાં રે...
મારા ઈલાબેન અમારી સાથે છે... સાચું સોનું મારી સેવા રે...
અમારા ઈલાબેને કાયદા સમજાવ્યા રે... અમારા ચારે વેદોમાં કાયદા સમજાવ્યા રે...

કાયદાથી જીવન સુધાર્યા રે...
મારા ઈલાબેન અમારી સાથે છે... સાચું સોનું મારી સેવા રે...

**- 'સેવા રચયિતા' મંડળી,**
**- વિમળાબેન રાઠોડ, રતનબેન મકવાણા**

□

## એક જ્યોત અને લાખો દિવડાં

ઈલાબેને 'સેવા'ને વારસામાં ચાર પેઢીનો વારસો આપ્યો. ચાર પેઢીના વારસાની વાત કરું તો, નાનપણથી મારી મા જોડે મજૂર મહાજન માં મિટીંગમાં આવતી ત્યારથી બેનને જોતી. મજૂર મહાજનમાં બેનની છેલ્લી કેબીનમાં તેઓ બેસતાં. શાહપુર વિસ્તારમાં રોજે રોજ મિટીંગ કરવા આવતાં. ત્યારે ઘરના બધા લોકોને મળે અને દરેકના કામમાં હાજરી આપતાં હોય તેમ ખબર લેતાં. અમારી પરિસ્થિતિ ખૂબ નબળી. એક ટાઇમ ખાવાના પણ ફાંફા હતા. મારી મા મીઠો લીમડો,મસાલો-મરચાં વેચતી બદલામાં ખાવાનું લેતી. એકવાર ઈલાબેને મારી માને આવી રીતે વેચતાં જોઇ કહે, ''બેન ખાવાનું લેવાનું બંધ કરો અને પૈસા લેવાનું રાખો તો ઘરમાં આવક દેખાશે.'' માએ ઈલાબેનની વાત માની પૈસા લેવાનું શરૂ કર્યું. રોજ ઘરમાં ચૂલો સળગે ગરમ રોટલા ખાતા થયાં, આમ મા 'સેવા'માં જોડાઇ. ધીરે ધીરે ઘરની પરિસ્થિતિમાં સુધાર આવવા લાગ્યો. 'સેવા બેંક'ની શરૂઆતમાં ઈલાબેને પાંચમાં નંબરનું મારી મા (આનંદીબેન)નું ખાતું ખોલ્યું હતું. જયશ્રીબેન સાથે મા 'સેવા બેંક'માં જોડાઇ અને લીંમડો વેચવાનું છોડી દીધું.

મારા બાપુજી અસારવાની રાજનગર ટેક્સટાઇલ મિલમાં નોકરી જતાં, પણ વ્યસનના લીધી અમને બહુ પરેશાન કરતાં. અમે ચાર બહેનો અને એક ભાઈ છે. 'બેન'ની ઓળખાણથી ગાંધી આશ્રમમાં ભણ્યા. ભણતર પૂરું થયુંને 'બેન'ના આર્શીવાદે સરકારી નોકરી મળી. માએ વારસામાં 'સેવા'ના મૂલ્યો દૃઢ નિર્ણય સાથે કુટુંબમાં વણાવ્યાં. માને ઘણા સારા કામ સાથે 'સેવા'થી ઘણા કામના પ્રવાસમાં જવાનો મોકો મળ્યો છે.

ઈલાબેને લાખો બેનોના કુટુંબ, સમાજ તાર્યા છે. મા 'સેવા'માં આવીને 'બીજી પેઢી' એટલે મને, વારસો આપ્યો અને 'સેવા અકાદમી'માં જોડી. ફૂટપાથ ઉપર બેસીને જુના કપડાં વેચનાર હાલમાં 'રૂડીનો રેડીયો'માં મારો અવાજ આપું છું. ઘરમાં કોઈએ રેલ્વે સ્ટેશન પણ નહોતું બતાવ્યું, આજે 'સેવા' થકી રાજ્યોમાં દેશ-વિદેશમાં એકલી જઇને બીજી બહેનોને 'સેવા' સાથે જોડી છે. કોઈ ડર નહીં. 'બેન' મારી સાથે છે તેમ જ લાગે.

બેને આપેલા સંસ્કારો, સાદગી અને વિચારો જે અમને આપ્યા છે તે કેમ ભૂલાય? લાખો બેનોના ઘરના દીવડાની જયોત સમા ઈલાબેનને મારા લાખો સલામ.

પ્રથમ પેઢી મારી મા, હું બીજી ૯ ધોરણ ભણેલી, ત્રીજી પેઢી મારી દીકરી સાયન્સ ભણેલી અને ચોથી પેઢી ઈંગ્લીશ મીડીયમમાં છે. ઈલાબેનના દોર્યા રસ્તે મારાં જેવી લાખો બેનોના જીવન ઉજ્જવળ બન્યા છે. ગરીબીનો અંધકાર ગયો છે. 'બેન'ના આશીર્વાદે જીવન સુગંધમય બનાવ્યું છે.

તુમ કિતની અચ્છી હો... તુમ કિતની ભોલી હો....
ઓ... માં, 'સેવા' કી માં...
તુમ ગાંધી વાલી હો...., તુમ ખાદી વાલી હો....
ઓ... માં, 'સેવા' કી માં...
તુમ દિલ કી સચ્ચી હો.... તુમ મનકી પક્કી હો....
સાદગી વાલી હો....ઓ... માં, 'સેવા' કી માં...

તુમ કિતની અચ્છી હો... તુમ કિતની ભોલી હો...

ઓ... માં, 'સેવા' કી માં...

તુમ શ્રમજીવી કી હો.....ગરીબો કી પ્યારી હો......

ઓ... માં, 'સેવા' કી માં...

તુમ સુખ શાંતિ કી હો... સબ કી પ્યારી હો...

ઓ... માં, 'સેવા' કી માં...

'બેન' ઘણી મિટીંગમાં કે કોઇ પ્રોગ્રામ હોય તો તેમના અવાજનું રેકોડીંગ કરતી અને 'મહિલા દિવસ' હોય ત્યારે ખાસ 'બેન'ના ઘરે જઇને રેકોડિંગ કરતી અને ઈલાબેનના અવાજ રૂપી સંદેશા 'રૂડીનો રેડિયો' દ્વારા હજારો શ્રોતા મિત્રો સુધી વીસ વરસથી પહોંચાડયા છે. અમારી ગરીબ બહેનોનો રેડિયો.

થોડા વખત પહેલાં હું મારી મા અને મારી દીકરી ત્રણે પેઢી સાથે મળીને 'બેન'ને મળવા ગયા હતા. 'બેન' અમને સાથે જોઇ જાણે, ૫૦૦ નો પાવર મળ્યો હોય ને શેર લોહી ચઢયું હોય તેવો ભાષા, એટલો આનંદ મોઢે વર્તાય!! ખૂશખૂશ થઈ ગયા. 'બેન'ને ભાવતું કારેલાનું શાક અને બાજરીનો રોટલો મા હાથે બનાવીને લાવેલી જે અમે સાથે બેસીને જમ્યા અને એટલા જ હેત-પ્રેમથી અમને ચા-બિસ્કીટ અને ચોકલેટ ખવડાવી. બેને અને મારી માએ ઘણી જૂની વાતોને વાગોળી, બેન ખુશ થઈને અમારી સાથે હાથતાળી લેતા જુના બહેનો અને તેમનાં સ્મરણો ઘડી ઘડી ઘૂંટતાં રહેતાં. કોઈને ભૂલ્યા નહોતા. પ્રસંગો યાદ. શીખંડ ખૂટી પડેલો તે યાદ. ઇન્દિરા ગાંધી વખતની પ્રથમ લોન, પાટી--પેનમાં લખાણ લેતી વખતે ફોટા પડ્યા એ જુની વાતો યાદ કરી અને ચંદાબેન, કપીલાબેન, સુમનબેન, આનંદીબેન, મહાલક્ષ્મીબેન, નીરૂબેન, મૃદુલાબેન જેવાં સિતારાઓના નામ વખાણતાં હતા. લખીએ તો હજાર નામની યાદી થાય. આપણે 'મજુર મહાજન'થી જુદાં થયાં અને કાશ્મીર ગયા, લવાજમ અને બેંક લોનની કેવી મોહલ્લે-ગલીએ ફરીને ઉઘરાણી કરતાં એ બધી યાદો તાજી કરી હતી. એ પ્રસંગ જાણે, હજી મારી આંખ સમુ છે...

કરોડો આંસું દુ:ખના નથી પણ પ્રેમની યાદોના છે. હજુ મનથી, તનથી સ્મરણો ભુલાતાં નથી અને ભુલાશે પણ નહી. એક જ્યોતે અનેક દિવડાં પેટાવ્યા.

શ્રધ્ધાનાં દીવડાને કાયમ જલતો રાખજો, એવી પ્રાર્થના સાથે ''જય 'સેવા'ને ગુડનાઈટ લ્યો 'બેન'...

**– વર્ષા દાતણીયા, 'રૂડીનો રેડિયો'**

□

## 'માતા સમાન બેનપણી'

નમસ્તે,

મારું નામ જશીબેન પરમાર છે અને હું 'સેવા'માં ૨૪ વર્ષથી કામ કરું છું. હાલ આપણી વચ્ચે આપણા માતા સમાન 'બેનપણી' સમાન ઈલાબેન રહ્યાં નથી. તેનું દુ:ખ બહુ જ છે પણ કોને કહેવાનું? હું મારી વાત કરું તો મને ૨૦૧૮માં જયારે કેન્સર થયો તે છેલ્લા સ્ટેજનો હતો અને હું પોતે હિંમત હારી ગઈ હતી. મને એમ હતું કે, હવે હું આ દુનિયામાં નહિ રહું. બહુ જ રોતી હતી, ત્યારે ઈલાબેનને ખબર પડી તો તેમને મને તેમના ઘરે બોલાવી. એટલે હું 'બેન'ના ઘરે ગઇ. 'બેન'ને જોઈને મને વધારે રડું આવ્યું. ત્યારે બેને મને ઘણી હિંમત આપી અને મને કહે, તમે તો વાઘ જેવા છો અને આમ રડો છો?'' હું આખો દિવસ 'બેન'ના ઘરે રહી. 'બેન' મારી સાથે વાતો કરતાં મને આશ્વાસન આપતાં કહેતાં કે, ''તમે એકલા નથી, પણ તમારી સાથે ૨૦ લાખ બેનો છે.'' ત્યારે મારા આત્માને થયુ કે ખરેખર મારી સાથે એક માં તરીકેનું દ્રશ્ય મને દેખાયું. ખરેખર એક માતા જ આપણને હિંમત આપી શકે અને તેમની હિંમતથી તો મારી કેન્સર જેવી બિમારી પણ ભાગી ગઇ છે.

ઈલાબેન સાથે મારો અનુભવ એક બેનપણી તરીકેનો હતો. ઈલાબેન સાથેની એક દિવસની વાત છે. હું ઈલાબેન અને સોમનાથ ત્રણેય મહેસાણા- ગણેશપુરા ખાતે ગયા હતા ત્યારે બેન સાથે થોડોક વખત સાથે રહેવાનો મોકો મળ્યો હતો. 'બેને' મને ગીતો ગવડાયા અને તેમને મને નાની નાની પંક્તિઓ પણ લખીને આપી, મને કહે, ''હવે આનું ગીત બનાવી આપો.'' મેં થોડીક જ વારમાં ગીત બનાવીને આપ્યું અને

જ્યારે ગણેશપુરાથી પાછા વળતાં હતાં ત્યારે, અમે ત્રણેય જણા અંતાક્ષરી પણ રમ્યાં હતાં. એટલે 'બેન' મને બહેનપણીના સ્વરૂપમાં મળ્યાં છે તેવો અનુભવ થતો. અંતાક્ષરી રમતાં તો, હું બેનને કેતી કે, ગપ્પમ ગપ્પા ના ચાલે હો 'બેન', ત્યારે સોમનાથ પણ મારી બાજુ બોલતો અને બેન હસતાં પણ ખરાં. ખરેખર, બેન તો આપણી 'માતા' છે અને મારી તો, ખાસ 'બેનપણી' પણ...

એકવાર બેને મને ભજન લખીને એક અઠવાડિયામાં આપવાનું કહ્યું હતું અને મારાથી બે દિવસ મોડું થઇ ગયેલું. બેન તો મારાથી ગુસ્સે થઇ ગયા અને બોડકદેવમાં એક મિટીંગમાં મળ્યાં તે મારી સાથે ફોટો પડાવવાની ના પાડી દીધી. અને બે દિવસ પછી કારોબારીની મિટીંગ આવી અને તેમાં બેન આવ્યા. મારા બે હાથ પકડી લીધા અને બધાની વચ્ચે કહ્યું કે; પ્લીઝ જશીબેન મને માફ કરી દો. મેં પણ તેમને બહુ કગરાવ્યા. પછી જ્યોતિબેન અને રહેનાબેન કહે કે, માફ કરી દો જશીબેન. તો મેં કહ્યું કે, બેન તમારા ટાઈમમાં મેં ભજન ના આપ્યું અને મારા ટાઇમે તમે ફોટો મારી સાથે ના લીધો એટલે. બેને કહ્યું માફ કર્યું મેં અને પછી મેં કહ્યું ના તમારે પણ માફ નથી કરવું અને મારે પણ માફ નથી કરવું અને આપણા બનેનું ફ્લોફ્લ. તો બેન ખૂબ જ હસ્યા.

બેનની મને બહું યાદ આવે છે. હું જ્યારે ગીત ગાતી ત્યારે બેન મને ખૂબ જ હેત કરતાં અને કહેતાં, ''જશીબેન તમે મારું ગીત બહુજ સરસ બનાવ્યું છે'' એમ કહેતાં આંખો ભીની થઇ જતી, એ દૃશ્ય આજે પણ મને દેખાય છે. શ્રી ઈલાબેનની યાદો તો હર હંમેશા મારા દિલમાં કાયમ રહેશે.

**– જશીબેન પરમાર, ખેતમજુર, 'સેવા' કારોબારી સભ્ય**

□

## દર્દ અને ધૈર્ય

મુ. ઈલાબેન વિશે લખવાનું અને ૧૦૦ શબ્દોની મર્યાદા? જાણે કે વાટકી લઇને દરિયો ઉલેચવો! ખુબ કપરું કામ! શું લખવું ને શું નહિ? ઉકેલ તરીકે તેમના જીવનનું એક પાસું જે ફક્ત મેં જ જોયું જાણ્યું ને મનોમન વખાણ્યું છે તે ''ઈલાબેન ''પેશન્ટ''(દર્દી) તરીકે કેટલાં પેશન્ટ(ધેર્યવાન) હતાં તેના થી શરુ કરું.

તેમની જીવનભરની સ્વસ્થતા અને કાર્યશીલતાનું રહસ્ય એટલે તેમની સાદગીસભર જીવન શૈલી, સાદો પૌષ્ટિક ખોરાક, નિયમિત યોગ, કસરત, સંગીત, વાંચન અને લેખન જેવાં પરિબળોને કારણે જ આગળ જતા મોટી ઉંમરે થતા રોગો નો ખુબ જ સહજતા અને સ્વસ્થતાથી સ્વીકાર અને સામનો કર્યો. એમના જીવનના અનેક ગુણો ની જેમ, ડૉક્ટરની નાનામાં નાની વાતનું પણ કડકપણે પાલન કરવું અને બીજા કોઈ પણ જાણીતા કે અજાણ્યા શુભેચ્છકની સલાહ પણ પોતાના ડોકટરને પૂછ્યા વગર સ્વીકારવી નહિ; આ બે ગુણો સૌને માટે ખુબ જ અસરકારક અને સૌએ અપનાવવા લાયક છે. આયુર્વેદ, હોમયોપથી અને નેચરોપથીની સાથે સાથે મોર્ડન મેડીસીન અને વિજ્ઞાનમાં તેમને રસ અને વિશ્વાસ હતો અને છતાં સવાર માં જીરું, અજમો ખાવા જેવી સાદી વાત હોય કે હૃદયની એન્જીઓગ્રાફી જેવી જટિલ સારવાર - તેમને માટે તેમના ડોકટરનો અભિપ્રાય જ આખરી રહેતો. જીવનના છેલ્લા ૮-૧૦ દિવસ દરમ્યાન અનેક કષ્ટદાયક સારવારમાંથી પસાર થવા છતાં તેમના ચહેરા પર હમેંશના સ્મિત અને શાંતિ જરાય વિલય પામતા જોયા નથી. તે જ પ્રમાણે, જીવનના છેલ્લા દિવસ સુધી સંગીતનો સાથ અને ''અમે આગળ વધીશું''નો નાદ-જુસ્સો તેમણે ટકાવી રાખ્યો!

તેમની રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સિદ્ધિઓ માન-અકરામથી તો આપણે સૌ વાકેફ છીએ પણ વધારે મહત્વ તો એ વાતનું છે કે આટલી બધી સિદ્ધિ પ્રસિદ્ધિ મળવા છતાં તેઓની સાદગી, સરળતા અને સહજતા એવી જ અકબંધ હતી. પોતાની મહાનતાનો જરા પણ ભાર તેમના મન, વચન કે વર્તનમાં કદી પણ જણાયો નથી. આરોગ્યને લગતા નાના મોટા સવાલો કે પ્રોજેક્ટને લઇને તેઓ ઘણી વાર મારા ઘેર કે હોસ્પિટલ આવી પહોંચતાં અને ત્યારે તેમને ઓળખી જઈ આસપાસના લોકો ખાસ કરીને નવી પેઢીના યુવક-યુવતીઓ જેમણે ગુગલ થકી એમના અંગે જાણકારી મેળવી હોય તેઓ ખુબ આશ્ચર્ય અને અહોભાવ અનુભવતા અને 'ઇલાબહેન તમને મળવા આવ્યાં!'- એમ મારું માન પણ એમના આવવાથી કંઈ કર્યા વગર વધી જતું. એવો એમનો પ્રભાવ હતો.

સેવાની બધી જ બહેનો તેમને મન તેમના કુટુંબીજન જેવી જ હતી. પણ, ઈલાબેનને અમે અમારા કુટુંબની વ્યક્તિ તરીકે પણ ખુબ નજીકથી જોયા છે. પોતાના ખુબ જ વ્યસ્ત સમયપત્રકમાંથી પણ તેઓ હમેશા નજીકના કે દૂરના સગા-સંબંધીના સારામાઠા પ્રસંગમાં ભાવપૂર્વક ભાગ લેતા અને પ્રસંગને અનુરૂપ ગીતો ગાઈને ગવડાવીને પ્રસંગને માણવા લાયક બનાવી મુકતા. નાના મોટા સૌની નાની નાની પણ સિદ્ધિઓને બિરદાવવી અને કોઈ સિદ્ધિના હોય તેમને પણ તેમના વસ્ત્રાલંકારને નજીકથી જોઈ, વખાણીને સૌનો ઉત્સાહ વધારવાનું તો કોઈ એમની પાસેથી જ શીખે!

જીવનના દરેક ક્ષેત્રમાં બહેનો - શારિરીક, આર્થિક અને માનસિક રીતે પણ પગભર-આત્મ નિર્ભર બને એ એમના દરેક કાર્યનો મુખ્ય ઉદ્દેશ રહ્યો હતો. અને તે મોટે અંશે સિદ્ધ પણ થઇ શક્યો તે આપણે સૌ જાણીએ અને અનુભવીએ છીએ અને તે માટે આપણે સદા એમના ઋણી છીએ.

જયારે કોઈ મૃત્યુ પામે ત્યારે આપણે એના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ પણ મને ખાત્રી છે કે એમનો દિવ્ય આત્મા ચિરશાંતિ જ પામ્યો હોય, પ્રાર્થના તો આપણે એ કરવાની કે પ્રભુ આપણને ઈલાબેનના ચિંધેલા માર્ગે ચાલવાની શક્તિ આપે, આપણે એમના જીવન મુલ્યો આત્મસાત કરી ને એમણે શરુ કરેલ કાર્ય આગળ ને આગળ ધપાવીએ - એજ ખરી શ્રધ્ધાંજલિ!

**- ડૉ. શુભાબેન દેસાઈ**

□

## ઈલાબહેન : પ્રેરણાશીલ વ્યક્તિત્વ

આપણા જીવનમાં ઘણી-બધી વ્યક્તિઓને મળવાનું બને. શિક્ષણ કાર્યમાં જોડાયેલા હોઈએ એટલે રોજ-બરોજ એ સંખ્યા ઘણી વધી જાય. રચનાત્મક અભિગમ ધરાવતાં શૈક્ષણિક ક્ષેત્રમાં કામ કરતાં ઇલાબહેન જેવી રચનાત્મક અને વિલક્ષણ વ્યક્તિ સાથે મુલાકાત ના થઈ હોય તો જ નવાઈ!!! જેના માટે મને અંતરથી- અંદરથી- હૃદયના ઊંડાણથી આદરની લાગણી થઈ હોય- તો એ નામ ઈલાબહેન ભટ્ટનું - “સેવા” સંસ્થાનાં સ્થાપક.

આપણે એમને ‘સેવા’ ના સ્થાપક લેખે વધુ ઓળખીએ છીએ. બરાબર છે, એમ જ હોવું જોઇએ. એ એમની મોટી ઓળખ છે. પહેલીવાર એમને શ્રેયસમાં મળવાનું થયું. ઇલાબહેન ભટ્ટને મેં જે અનુભવ્યા....અદભૂત! અદ્વિતીય! સહજ જ હુદયથી જોડાણ થતું ગયું....જે સીધી જ જીવન અને કાર્યમાંથી ઉદભવેલી હતી અને સહુ સુધી પહોંચેલી હતી, તેવી અઢળક વાતોથી તેઓ સહજ શિક્ષણને જોડતા ગયા. “આપણે બીજાની કાળજી લઈએ છીએ એટલે આપણે છીએ.” – એમ કહીને કુદરત સાથેના જીવનના જોડાણ અને કુદરત પાસેથી શીખવાની બાબતો પર તેમણે વિસ્તારપૂર્વક વાતો કરી. “વૈશુબહેન, આ ફેશન ડિઝાઇનિંગમાં જે રંગો અને તેના શેડ્સ વિશે જે શીખવાડવામાં આવે છે ને તેનો પાયો કુદરત છે. શ્રેયસના ઉત્સવો સમયે બાળકોના પોશાક તૈયાર થાય ત્યારે બાળકો સાથે આ વાતો જરૂર કરજો અને તેમને જાતે તેમના પોશાકોનો રંગ પસંદ કરવા આપજો.” – આમ કહેતી વખતે તેમની આંખોમાં બાલ સહજ જે ચમક આવી તે હું ક્યારેય નહીં ભૂલું.

ગૂજરાત વિદ્યાપીઠમાં જ્યારે તેમણે કુલપતિ તરીકેની જવાબદારી સ્વીકારી ત્યારે હું અને હેમેન્દ્રભાઈ ભટ્ટ તેમને મળવા તેમના ઘરે ગયા હતા. સાદગી તો તેમની આભા હતી. જ્ઞાનનું અને નમ્રતાનું તેજ હંમેશા તેમના ચહેરા પર ખીલેલું જ રહેતું. અમે તેમને અભિનંદન પાઠવ્યા. બાળકોએ તૈયાર કરેલો ગુલદસ્તો સ્વીકારતાં જ તેમના ચહેરા પર એ જ, ક્યારેય ન ભૂલી શકાય તેવી ચમક આવી ગઈ. જેમણે દેશ - વિદેશમાં અનેક સામાજિક સંસ્થાઓના તેમજ રાજકીયક્ષેત્રે પણ અનેક જવાબદારીભર્યા પદોનો પદભાર સુચારુ રૂપે સંભાળ્યો છે તેઓ જ્યારે કહે કે, “મને ખબર નથી કે હું આ જવાબદારી સ્વીકારી શકીશ કે નહીં, પણ શીખતી જઈશ અને પ્રયત્ન કરતી રહીશ.” – ફરીથી આંખોમાં એ જ બાલ સહજ ચમક! ઇલાબહેને પોતાની જીવનયાત્રા દરમ્યાન સમાજ પ્રત્યેની એટલી જવાબદારીઓ અદા કરી છે કે આ સમાજ હંમેશાં તેમનો ઋણી રહેશે.

એકવાર ઇલાબહેન સાથે વાત કરતા સમયે મેં તેમને પૂછ્યું હતું કે, તમે ગામડાંની આ સ્ત્રીઓની મુશ્કેલીઓને સમજી તો શકો છો પણ, તમે જે રીતે કામ કરો છો એમાં તો તમે મુશ્કેલીઓને સંવેદતા હોવ તેમ લાગે છે. તેમણે કહ્યું, કે જ્યારે હું અભ્યાસ કરતી હતી ત્યારે મને

મારા ગુરુજનો અને માતા-પિતાએ કહ્યું હતું કે, "ગામડે જાઓ, ત્યાં રહો, તેમની પાસેથી શીખો, સૌની મદદ કરો, ન્યાય અને અન્યાયને સમજો, સઘર્ષ પણ કરો અને વિકાસ પણ. ગાંધીજીએ રસ્તો બતાવ્યો હતો, તેમણે કહ્યું હતું કે નવો દેશ બનાવવાનો છે. મેં પણ દેશ માટે કામ કરવાનો નિર્ણય લઈ લીધો હતો." પરિવારના સંસ્કારોએ જ તેમને લોકોની મદદ કરવાનું શીખવ્યું.

જેવી રીતે તેમણે અસંખ્ય મહિલામાં પોતાના વિચારો અને સમાજસેવાના ભવ્ય વારસાના બીજ વાવ્યાં છે, તે જે રીતે તેમણે મારા મનમાં સહજ શિક્ષણના બીજ વાવ્યાં છે. હું લીનાબહેન પાસેથી શિક્ષણ વિશે, કેળવણી વિશે ઘણું પામી, એમ જ ઇલાબહેન પાસેથી સહજતા અને સંવેદના બાબતે ઘણું પામી. કામદાર બહેનોની સાથે કામ કરતાં કરતાં તેમના અનુભવો થકી લખાયેલી સંવેદનકથાઓ ખૂબ જ હૃદયસ્પર્શી છે. દેશના કરોડો વંચિતો તરફ જોવાનો નજરિયો ધરમૂળથી બદલવાની ક્ષમતા ઇલાબહેન અને તેમના અનુભવોના લખાણોમાં મેં અનુભવી છે.

તેમણે એક વખત વાતો વાતોમાં એવું કહેલું કે, "તમે બૌદ્ધિક તો થયા છો. મન તમારું સાહસિક છે. શરીર તમારું યુવાન અને હાથમાં કૌશલ્ય છે. ગાંધી મૂલ્યોએ તમને જીવન કર્તવ્યનો માર્ગ બતવ્યો છે. તમે તે રાહે પ્રત્યેક જીવનનો આનંદ અને સંતોષ મેળવો તેવી મારી શુભેચ્છા છે."

ઇલાબહેને આપણને સહુને વિરાસતમાં અન્યાય સામે લડત આપવાની, પોતાના અધિકાર મેળવવા સત્ય અને અહિંસાના રસ્તા પર ચાલી આંદોલન કરવાની ધરોહર આપી છે. ઇલાબહેને શ્રમજીવીબહેનો માટેના અધિકાર માટેના પોતાના સફળ આંદોલનોથી એ પણ સાબિત કર્યું કે આંદોલનનો અર્થ હિંસા, વિધ્વંસ, તોડફોડ અને ઝંડેબાજી નથી, રચનાત્મક કાર્યો કરતા કરતા પણ નમ્ર આંદોલન સફળ કરી શકાય છે.

આપણે તેમની આ અભિલાષાને જીવંત રાખીને કર્તવ્યપરાયણ બનીએ તેવી પ્રાર્થના.

**– ડૉ. વૈશાલી શાહ**

□

# I am not that Young

૧૩ એપ્રિલ, ૨૦૨૨ના દિવસે ફૂલછાબ અખબારની બુધવાર પૂર્તિમાં મારી કોલમ 'દીવાદાંડી'માં સેવા સંસ્થાના પચાસ વર્ષ નિમિત્તે એક લેખ લખ્યો. લેખનું શીર્ષક હતું 'અડધી સદીની સેવાયાત્રા' . આ કોલમના લેખ હું ઇલાબહેનને નિયમિત વ્હોટ્સએપ પર મોકલતો અને બહેન એનો પ્રતિભાવ આપતા. સેવા વિશેના લેખમાં ઇલાબહેનની થોડા વર્ષો પૂર્વેની તસ્વીર છપાઈ હતી લેખ અને તસવીર જોઈ એમની કૉમેન્ટ હતી, Thank you. I am don't that young after Aradhi Sadi Baad! just...! આવા જીવંત હતા આપણા સૌના ઇલાબહેન! વર્ષ ૨૦૧૬માં મારા પુસ્તક 'વિદ્યા વધે એવી આશે'નું વિમોચન બહેને ગૂજરાત વિદ્યાપીઠમાં કર્યું અને એ નિમિત્તે શિક્ષણ અને મહિલાઓ વિશે અદભૂત વ્યાખ્યાન આપ્યું હતું. વર્ષો પૂર્વે અમદાવાદના કિન્નરો વિશે હું અભ્યાસ કરતો હતો ત્યારે ઈલા બહેને સેવાના એક કાર્યકર બહેનને મને મદદ કરવા જણાવ્યું અને બીજા જ દિવસે એ બહેને અમદાવાદમાં ભવન્સ કોલેજ સામેની નદી કિનારા પરની વસાહતમાં (આજે જ્યાં રિવરફ્રન્ટ છે) મારી મુલાકાત કિન્નરો સાથે ગોઠવી આપી હતી. ગૂજરાત વિદ્યાપીઠમાં કુલપતિ ઇલાબહેનના પ્રતિનિધિ તરીકે અને Adjunct Professor તરીકે કામ કરવાની તક મળી એ મારું સૌભાગ્ય!

**– ગૌરાંગ જાની**

□

## તમે પકડ્યો અમારો હાથ રે!

બેન આપણી સાથે સદાય રહ્યાં છે રહેશે અને છે. બેનનો આત્મ વિશ્વાસ, દ્રઢતાં અને સેવાના મૂલ્યો તે આપણે બહેનમાં જોયા છે, તે આપણે સદાય સાથે રાખવાના છે.

બેન માટે તો ઘણું લખવું છે પણ, આત્મા માનતો નથી અને કલમ સાથ આપતી નથી. ૨૦૦૨માં વહાલા ઈલાબહેન સાથે હું અને સેવાના બીજાં બહેનો શ્રમમંત્રીને મળવા ગયા હતા, બેનોના ધંધાના પ્રશ્નો માટે મિટીંગ કરવાની હતી. મિટીંગ પછી રાતવાસો દિલ્હીની હોટલમમાં ઈલાબહેન સાથે રોકાયા હતા. સવારે ૬ વાગ્યાનું પ્લેન હતું અમે સૌ એરપોર્ટ ભેગા થયા. મેં 'બેન'ને પૂછ્યું 'બેન', આપણે અમદાવાદ કેટલા વાગ્યે પહોંચીશું? બેને કહ્યું, ૯ વાગ્યે પહોંચીશું. મેં કહ્યું સારું. બેન કહે, શું થયું ઘરે જવાની ઉતાવળ છે? ત્યારે મેં કીધું કે, આજે ૯થી ૧૦ વાગ્યામાં મારી દીકરીની સગાઇનું મૂહર્ત છે. ત્યારે 'બેન' એકક્ષણ મારી સામુ જોયા જ કર્યું અને કહે, તમારે કેટલી દીકરી છે? મેં કહ્યું 'બેન', એક દીકરી છે. તો કહે, ઘરમાં પ્રસંગ છે ને તમે અહી આવ્યા છો સારું કહેવાય. મેં કહ્યું, બેન આપણી હજારો બેનોના કામ માટે આવવાનું હતું, તે તમારી પાસે શીખી તેથી આવી છું.

એક વખત તિલકબાગમાં બેન સાથે વડ રોપવા ગયા અને વડ રોપીને પાછા 'સેવા' ચોકમાં સૌ બહેનો આવ્યા અને પછી 'બેને' કહ્યું કે, કોઇને ગીત ગાવું હોય તો ગાવ. ત્યારે મેં ગીત ગાયું,

''ઈલાબેને 'સેવા'નો વડલો સ્થાપ્યો રે,
અમે 'સેવા'નો વડલો રોપ્યો રે,
૧૨ એપ્રિલ ૧૯૭૨ના રોજ 'સેવા'નો વડલો સ્થાપ્યો રે
વડમાં વડનું સિંચન કર્યું સર્વે બેનોએ
વડનું જતન કર્યું સર્વે બેનોએ
વડના મજબૂત કીધા મૂળ રે મનાલીબેને
વડના મજબૂત કીધા ડાળ રે રીમાબેને
અમે 'સેવા'નો વડલો રોપ્યો રે,
અમે પકડ્યો અમારો હાથ રે!
સેવા સંગ જુગ જુગ જીવજો બેન રે
અમે 'સેવા'નો વડલો રોપ્યો રે,
ઇતિહાસે લખાશે તમારા નામ રે ઈલાબેન
સેવાની શ્રમજીવી નમન કરે ઈલાબેન ને રે
અમે પકડયો અમારો હાથ રે
અમે 'સેવા'નો વડલો રોપ્યો રે,

બેનને ગીત બહું ગમ્યું અને કહે, આ ગીત મોકલજો. બીજે દિવસે ગીત બેનને મોકલી આપ્યું.

આમ, બેનની સાથે ઘણી મિટીંગોમાં બેઠા છીએ. બેન, જે વાત કરે તે પાયામાંથી ઊંડાણ પૂર્વક કરતાં એટલે સાંભળવાની બહુ મજા આવતી. બેને એક બૌદ્ધિક શાળાની મિટીંગમાં ''વૈષ્ણવજન તો તેને રે કહીએ'' ભજન સૌ બેનોએ એક સાથે ગાયું. દરેકને 'બેને' એક એક કડીને વારંવાર ગવડાવી. સમજાવી. ફરી સમજાવી.

છેલ્લા વર્ષોથી તો બેન 'સેવા'માં બૌદ્ધિકશાળામાં દર મહિને આવતાં અને અલગ અલગ વિષયો સાથે ઊંડાણથી વાતો કરતાં. આટલા વર્ષોથી 'સેવા'માં સમજ્યા ન હતા તે આ બૌદ્ધિકશાળામં સમજ્યા.

જુદા-જુદા વિષયો પરના નિષ્ણાંતો આ બૌદ્ધિકશાળામાં આવતાં અને મુદ્દાસર વાત કરતાં અને અમે સૌ સાંભળતા. પછી અમે બોલતા અને નિષ્ણાતો સાંભળતા. દરેક મુદ્દાની વાતો આપણા જીવનને સ્પર્શી જાય એવી હતી. નવી નવી ટેક્નોલૉજી, પર્યાવરણ, ઉકરડો, દેશી ખાતર, બાળકોનું ભવિષ્ય અને સ્વચ્છ આકાશની વાત કરતાં અને કહેતાં, બધા સાયકલ ચલાવે તો પ્રદૂષણ થાય જ નહીં.

આપણા સૌના વહાલા ઈલાબહેન પાસેથી ઘણું જાણવા અને શીખવા મળ્યું છે. હું મારા જીવનને ધન્ય માનુ છું કે, અમોને નિડર, નિખાલસ, પ્રેમાળ-સ્વભાવવાળા, ગરીબ-શ્રમજીવીઓની લાગણી અનુભવતા. આવા બને અમોને ક્યારેય નહી મળે, પણ ના ‘બેન’ અમારી સૌની સાથે જ છે. એમના એક-એક શબ્દને યાદ કરી ‘સેવા’ને હવે ના ૫૦ વર્ષ આગળ લઇ જઇશું.

**– રાજીબેન, વેસ્ટરીસાયકલ, સભ્ય ‘સેવા’ કારોબારી**

□

## હમેં હમકો મિલાયા

જબ હમ પહેલીબાર ઇલાબહેન સે મિલે તો હમને ઉનકી સાદગી કો દેખા. હમકો બેહદ ખુશી હુઇ ઔર હમને સોચા કે ઇતની બડી હસ્તી ઓર ઇતની સાદગી! હર કિસી ઇન્સાન કે દિલ કો છુ જાયે. ઉનકે બાત કરને કા તરીકા એકદમ અનોખા. બહોત હી નરમ ઓર પ્યાર સે સીખાતે. જિસસે હમે યે ભી સીખને કો મિલા કે કિ ઇન્સાન કી સાદગી ઓર બાત કરને કા તરીકા સહી હોના ચાહિએ. જબ વો હમારે સેન્ટર પર આયે થે તો સભી બહેનો સે બાત કી થી. હમે હમ કોન હૈ વો માલુમ નહીં થા. બહેનોને યે ભી કહા કી બહેન સે બાત કરકે યે તો પતા લગા કિ સાદા જીવન જીને સે ભી ખુશી મિલતી હૈ. ઇલાબહેન હમારે સાથ ગાવોં મે સબ બહેનોસે મિલી. જિસસે હમારી બહેનેકો રોજગારી મિલી. કમાને કા જરીયા સીખાયા. હમે અપની પહચાન મિલી. હમે હમકો મિલાયા.

**– શેરીના બેગમ, (‘સેવા’ કશ્મીર)**

□

# सादगी की मूर्ति

सादगी की मूर्ति सेवा सेल्फ एंप्लॉयड विमेन एसोसिएशन के संस्थापक इला बहन 2 नवंबर 2022 को हमसे अलविदा कह गई। हालांकि शारीरिक रूप से वे हमारे बीच में नहीं है लेकिन अपने विचारों के माध्यम से वह हमेशा हमारे बीच में मौजूद रहेंगी ईला बेन एक ऐसी शख्सियत। जिन्होंने अपनी सादगी और बिना हत्यारों के अहिंसात्मक तरीके से देश को ही नहीं पूरे दुनिया को बदलने के अगुवाई की। उन्होंने वे महिलाएं जो देश की अर्थव्यवस्था को पूरा करने में पूरा सहयोग देती हैं लेकिन कहीं पर भी कोई भी सरकार उनको उस तरीके से कामगार का दर्जा नहीं दे पाई। ईला बहन ने इन बहनों के लिए अपनी आवाज को बुलंद किया। उन्होंने दुनिया को दिखा दिया की कामकाजी महिलाओं का भी देश को चलाने में पूर्ण रूप से योगदान है। इला बहन का वह सफर जो वह मजदूर महासंघ में नौकरी के लिए आई और जब मेहनतकश मजदूरों की आवाज चारों तरफ घूम रही थी तब उन्होंने देखा की एक वह महिलाएं जो रात दिन काम कर रही है उनकी आवाज को दबाया कुचला जा रहा है और ऐसे में इलाबेन उनकी आवाज के रूप में उभर कर सामने आए और उन्होंने हमेशा यही सिखाया की आप अपने काम के बीच में अपने केंद्र में हमेशा अगर महिलाओं को देखोगे तो भटको गए नहीं और सही दिशा पकड़ पाओगे।

अहमदाबाद गुजरात से शुरू हुई सेवा आज 19 राज्यों में पहुंच चुकी है और जिसकी सदस्य संख्या 21 लाख से भी ऊपर है बहनों की मांग पर एक राज्य से दूसरे राज्य वार सेवा का विस्तार होता चला गया। सेवा की शुरुआत 1972 में हुई लेकिन दूरदृष्टि इला बहन ने पूर्णरोजगार और स्वालंबन को लक्ष्य बताते हुए बहनों के जीवन बदलाव में अहम भूमिका निभाई सेवा यूनियन के तहत काम करना और संघर्ष और विकास के माध्यम को लेते हुए बहनों के जीवन स्तर को बेहतर सरल और स्वावलंबी बनाना सिखलाया। दिल्ली की कारी बहन जो कि सब्जी बेचने का काम करती थी और अभी अधिक अवस्था होने के कारण काम नहीं करती हैं उनका कहना है की सेवा में सभी प्रकार की बहनों का समावेश है। चाहे वह सब्जी बेचने वाली हो कबाड़ा बीनने वाली हो घर में बैठकर काम करने वाली हो सड़क पर बैठकर काम करने वाली हो। सभी प्रकार की बहन नहीं जो मेहनत करें मजदूर हैं सेवा में वह सभी समावेश हैं सेवक गरीब से गरीब श्रमजीवी बहनों का संगठन है। इसमें बहने आकर खुल कर अपनी बातों को रख पाती हैं बोल पाती हैं और आपस में बहन बहन कहकर बोलती हैं ताकि हम एक दूसरे से अजान नहीं है हम जानते हैं और हम सब की समस्याएं पिढाऐ एक सी हैं। यहां पर आकर मैंने बोलना सीखते हैं और हक और अधिकार के बारे में जानना सीखते हैं। शांतिपूर्वक अपने हकों को लेना उनके लिए लड़ाई लड़ना यह सेवा में सिखाते हैं। इलाबेनने सिखाया है की सादगी के साथ बिना हिंसा के बिना हथियार उठाए कैसे अपनी बातों को हल कर सकते हैं।

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2021-23 Issued by S.S.P. Valid up to 31-12-2023.

Ahmedabad P.S.O.
6-11, 22-11-22

दिल्ली की आगेवान अंजू बहन, रीमा बहन बोलती हैं कि हमने कभी गांधी को नहीं देखा लेकिन हमें इलाबेन से बात करने का मौका मिला। उनको देखने का मौका मिला और उनका कहना है की अगर गांधीजी की अगर कोई बहन होती तो ईलाबहन होती। उनकी सादगी और उनकी सरलता के कायल थे सभी लोग जो हमसे एक बार मिला वह उनका दीवाना हो गया।

दिल्ली की सीमा बहन बताया कि एक बार मैं ईला से मिली और मैंने उनको छुआ तो उन्हें महसूस हुआ कि ईला बहन से जैसे कोई तेज निकल रहा हूं और उन्होंने बोला कि वह मेरे लिए भगवान कोई दिव्य आत्मा से संपर्क हो रहा हो।

लीला बहन अवतरित एक दिव्य आत्मा थी जिन्होंने हम सब के जीवन में रोशनी डाली जीवन बदला और आगे के रास्ते हमें देकर अलविदा कहकर चली गई लेकिन जैसे कि मैंने उपरोक्त भी बोला है वह कहीं नहीं गई है वह अपने विचारों के माध्यम से हमेशा हमारे बीच में रही हैं। हमेशा हमारे बीच में रहेंगी और जैसे कि उन्होंने बताया की 100 साल आगे बढ़ना है और 100 लाख होकर रहना है तो अब हम सभी का उत्तरदायित्व हैं जो कि उन्होंने इतनी बड़ी सेवा फौज तैयार करी है कि उनके इस सफर को और इस सपनों को हम सब मिलकर पूरा करें और आगे बढ़े और हम अपने तक सीमित ना रहे हैं। अपने जैसे और आगे वान बहनों को तैयार करें जो इस सफर को और आगे और आगे की ओर लेकर जाऐ।

इला बहन के बताए रास्ते पर केंद्र में गरीबों श्रमजीवी महिलाओं की परिस्थिति और हम सब एक हैं। सर्व धर्म समान सादगी स्वदेशी बहन चारा सम्मिलित कर सभी बहनों को सेवा से जुड़े और संगठन को खूब मजबूत हुए बड़ा बनाएं। शायद हम कुछ इस प्रकार से इला बहन का सफर को और आसान बना सकते हैं और उनको उनके बताए रास्ते पर चलकर उनको सही रूप में श्रद्धांजलि दे पाएंगे।

**- लता, उपप्रमुख,**
**(सेवा दिल्ली)**

□

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6-11, 22-11-22**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001